છૂટક નકલ : રૂ. ૧૫-૦૦ વાર્ષિક લવાજમ : રૂ. ૫૦-૦૦

## ૧. સંપાદકીય

"The people and people alone are the motive force in making world history... The masses have boundless creative power."
– Mao the Tung.

૨૨ મે ૨૦૨૦ના રોજ કોરોના મહામારીના પગલે જાહેર કરેલું લોકડાઉન પૂરું થયું. ભારત સરકારે અનલોક ૧ની સાથે દેશને આત્મનિર્ભર બનાવવા એલાન કર્યું કે, ''૧૩૦ કરોડ ભારતીયોની આત્મનિર્ભરતા એ ભારતની નવી ઓળખ છે. આ રસ્તે આપણે ભારતને વિશ્વમાં વિશિષ્ટ સ્થાન અપાવી શકીશું.'' સરકારે એમ પણ કહ્યું કે, ''આપણે દુનિયાથી કપાઈને કે અલગ થઈને રહેવા માગતા નથી. આપણે તો વધારે અને વધારે વૈશ્વિક બનવું છે. આજે આ બાબતને ૬ મહિના થયા, પણ સરકારે ન તો આત્મનિર્ભરતાનો અર્થ સ્પષ્ટ કર્યો છે, ન એને પામવા માટે કોઈ ઠોસ કાર્યક્રમ બન્યો છે, છતાં જે સમજાયું તે એ છે કે સરકારના મતે આત્મનિર્ભરતા હાંસલ કરવા માટે પાંચ પરિબળો મહત્ત્વનાં છે : (૧) કાર્યક્ષમતા (૨) ટૅક્નૉલૉજી (૩) માળખાગત સુવિધાઓ (૪) ડૅમોગ્રાફી (વસતિ) અને (૫) માંગ

કાર્યક્ષમતાના નવા રેકૉર્ડ ભારતે પ્રસ્થાપિત કર્યા છે. ટૅક્નૉલૉજીના ક્ષેત્રે એની ગણના સમગ્ર વિશ્વમાં થવા માંડી છે. દેશમાં માળખાગત સુવિધાઓ વધી છે અને એને આંતરરાષ્ટ્રીય સ્તરની બનાવવા સરકાર કટિબદ્ધ છે. આપણી વસતી એ આપણા માટે બોજ નહીં, પણ અસ્ક્યામત છે. આપણી પાસે સૌથી વધારે ઉત્પાદક શ્રમ પ્રાપ્ય છે, વળી વધુ વસતીને લીધે માંગ વધારે છે જે વિકાસના મુખ્ય ચાલકબળ તરીકે કામ કરે છે. આ બાબતને લીધે આવનાર વર્ષોમાં ભારત આત્મનિર્ભર થઈ શકશે એવી સરકારે શ્રદ્ધા વ્યક્ત કરી છે અને ભારતને આત્મનિર્ભર બનાવવા સરકારે કેટલાક કાર્યક્રમો જાહેર કર્યાં છે. દેશને આત્મનિર્ભર બનાવવા માટે નાના અને મધ્યમ કદના ઉદ્યોગો માટે ૨૦ લાખ કરોડનું પહેલું પૅકેજ જાહેર કર્યું છે. નાના અને સીમાંત ઉદ્યોગોની એની વ્યાખ્યા બદલી વધારેને વધારે આર્થિક પ્રવૃત્તિઓને એના પરિઘમાં લેવાના પ્રયાસ કર્યા છે. ચીનથી થતી કેટલીક આયાતો પર પ્રતિબંધ મૂક્યો છે. સંરક્ષણ ક્ષેત્રે પણ ૧૦૧ વસ્તુઓની આયાત પર પ્રતિબંધ મૂક્યો છે. ખેતીક્ષેત્રે નવા સુધારા કર્યા છે. સરકાર કહે છે આ તો હજી પહેલું પગલું છે. હવે પછી ગરીબ અને સ્થળાંતરિત મજૂરોને કામ આપવા માટે પ્રયત્ન કરવામાં આવશે અને ત્રીજા તબક્કે ખેડૂત અને ખેતીને આત્મનિર્ભર કરવાનો પ્રયાસ થશે. આંતરિક ઉદ્યોગોને વૈશ્વિક હરીફાઈમાં મૂકવા અને આયાતો પરનો આપણો આધાર ઓછો કરવા સરકાર કટિબદ્ધ છે. આ બે વિરોધાભાસી બાબતો છે. એ અર્થમાં આઝાદીના ઉષાકાળે ભારતનો આત્મનિર્ભર બનાવવાનો જે ખ્યાલ હતો એના કરતાં આજની વાત અલગ છે. આ નવા ખ્યાલમાં વૈશ્વિકતા અને આત્મનિર્ભરતા બંનેને સરખું મહત્ત્વ છે. આપણે ખનીજતેલ, ઈલેક્ટ્રૉનિક્સ, ફાર્માસ્યુટિકલ્સ વગેરે ક્ષેત્રોમાં આયાત પર આધારિત છીએ, પણ આ ક્ષેત્રોમાં આયાત પર આધાર ઓછો થાય એ માટે કોઈ વિશેષ પગલાં લેવામાં આવ્યા નથી. ભારતની આત્મનિર્ભર બનવાની શક્તિ / ક્ષમતા પી.પી. કીટના ઉત્પાદનનું ઉદાહરણ આપી બતાવવામાં આવે છે. શું એનો અર્થ એમ સમજવો કે આત્મનિર્ભરતા માત્ર કોરોના માટે જ છે ! આ વિસંગતિઓની વચ્ચે આત્મનિર્ભયતા ગાંધીવિચારના પરિપ્રેક્ષ્યમાં જોઈએ. અહીં આપણે સ્વનિર્ભર ભારતને જરા વધારે સ્પષ્ટતાથી વ્યાખ્યાયિત કરવા પ્રયાસ કરીશું.

આપણા માટે અલબત્ત આત્મનિર્ભરતા શબ્દ કોઈ નવો નથી. આમ તો સ્વનિર્ભરતા આપણા સાંસ્કૃતિક વિચારમાં સહજ સ્વાભાવિક છે. પણ ઔદ્યોગિક ક્રાંતિએ પરનિર્ભરતાને એવી રોમાંચક રીતે આપણી સમક્ષ મૂકી અને ઉત્પાદકતા, કાર્યક્ષમતા કે વધારે ઉત્પાદનના નામે શ્રમ વિભાજન તરફ માનવજાતને દોરી. અહીં ઔદ્યોગિક ક્રાંતિનો ઇતિહાસ આપવાનો મારો ખ્યાલ નથી. પણ ઔદ્યોગિક ક્રાંતિએ માનવ-માનવ વચ્ચેના અને માનવ અને કુદરત વચ્ચેના સંબંધોને મૂળમાંથી બદલી કાઢ્યા અને વિકાસની સાથે સાથે વ્યક્તિગત અને રાષ્ટ્રીય સ્તરે આપણું પરાવલંબન વધતું ગયું. મહાત્મા ગાંધી જેવા આર્ષદ્રષ્ટા માનતા હતા કે કોઈ પણ દેશના વિકાસ માટે સ્વનિર્ભરતા આવશ્યક છે. એમનું સ્વનિર્ભરતાનું દર્શન/તત્ત્વજ્ઞાન ખૂબ સ્પષ્ટ હતું. એ માનતા કે લોકો અને માત્ર લોકો જ

**(અનુસંધાન પૃ.૩૪ પર...)**

સંપાદક : **મંદા પરીખ**

**'ભારતીય સમુદાય શિક્ષણ સંઘ' સંચાલિત**

# યાત્રાપથ

● પ્રકાશક ●

**ભારતીય સમુદાય શિક્ષણ સંઘ**

'યાત્રાપથ' દર જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ, ઑક્ટોબરની ૧૫ તારીખે રવાના કરાય છે. તા. ૨૦ સુધીમાં જો અંક ન મળે તો કાર્યાલયના સરનામે જાણ કરશો.

● કાર્યાલય ●

**ભારતીય સમુદાય શિક્ષણ સંઘ**

**સમુદાય શિક્ષણ ભવન**

ઑફ આશ્રમરોડ,

નવજીવન પ્રેસ રોડ,

અમદાવાદ-૩૮૦૦૧૪

ફોન : ૦૭૯-૨૭૫૪૩૧૭૪

Email : iscehouse@gmail.com

Website : http://iscecommunity.org

Facebook : iscehouse@gmail.com

**વાચકોને : આપના પ્રતિભાવો અને કાર્યક્રમોની વિગતો જો મોકલશો, તો આભારી થઈશું.**

મુદ્રક :

**અર્થ કમ્પ્યૂટર**

૨૦૩, મૌર્ય કોમ્પ્લેક્સ,

સી. યુ. શાહ કૉલેજ પાસે,

ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪

મો. ૯૩૨૭૦૩૬૪૧૪

Subject to Ahmedabad Jurisdiction

## ક્રમની કેડીએ...

| *ક્રમ વિષય* | *પૃષ્ઠ* |
|---|---|
| ૧. સંપાદકીય | ૧ |
| ૨. બેતાળીસની લોકક્રાંતિ : સુવર્ણજયંતી મહોત્સવ | ૦૪ |
| ૩. કોરોના અને કામદારો : રાજ્ય અને બજાર બંને નિર્દય | ૧૦ |
| ૪. પ્રા. રામલાલ પરીખ : બહુમુખી વ્યક્તિત્વ | ૧૫ |
| ૫. પ્રવૃત્તિ સરિતા | ૨૨ |
| ૫.૧ નિબંધ લેખન સ્પર્ધા | ૨૨ |
| ૫.૨ 'કોવિડ-૧૯ અને યુવાનોની ભૂમિકા' - વિષય પર વીડિયો | ૨૩ |
| ૫.૩ કોવિડ-૧૯ અને યુવાન-વેબિનાર | ૨૩ |
| ૫.૪ પ્રા. રામલાલ પરીખ ૨૧મી પુણ્યતિથી - શ્રદ્ધાંજલિ | ૨૫ |
| ૫.૫ આદિવાસી યુવાનો અને બેરોજગારી | ૨૬ |
| ૫.૬ રંગોળી સ્પર્ધા - ૨૦૨૦ | ૨૭ |
| ૬. પુસ્તક પરિચય | ૨૮ |
| ૭. સમુદાય શિક્ષણમાં અવનવું | ૩૦ |
| ૭.૧ આપણા સૌથી નાની વયની લેખિકા : અભિજીતા ગુપ્તા | ૩૦ |
| ૭.૨ શિક્ષણક્ષેત્રે ટૅક્નૉલોજીનો ઉપયોગ | ૩૦ |
| ૮. આગામી કાર્યક્રમો | ૩૨ |
| ૮.૧ ધ્વજ વંદન | ૩૨ |
| ૮.૨ માતૃભાષાદિનની ઉજવણી | ૩૨ |
| ૮.૩ વક્તૃત્વ સ્પર્ધા | ૩૨ |
| ૮.૪ આદિવાસી વિસ્તારોનો સાંસ્કૃતિક વારસો | ૩૩ |
| ૮.૫ નવા કાયદાઓ વિશે ખેડૂતોનાં મંતવ્યો - સર્વે | ૩૩ |
| ૮.૬ કવિ સંમેલન | ૩૪ |



## ૨. બેતાળીસની લોકક્રાંતિ : સુવર્ણજયંતી મહોત્સવ*

**- પ્રા. રામલાલ પરીખ**

મુખ્યમંત્રીશ્રી, '૪૨ની લોકક્રાંતિના અગ્રણી સૂત્રધારો, આજના પરિસંવાદના વિદ્વાન અધ્યાપકો તથા મિત્રો, બરાબર ૫૦ વર્ષ પહેલાં ૮મી ઑગસ્ટ ૧૯૪૨ના રોજ મુંબઈના ગોવાળિયા ટેક મેદાનમાં ઊભા કરેલા એક વિશાળ મંડપમાં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસની મહાસમિતિની ઐતિહાસિક બેઠક મળી હતી. આ બેઠકમાં મહાત્મા ગાંધીએ આઝાદીની લડતનો આખરી ટંકાર કર્યો. તેમણે હૃદયસ્પર્શી શબ્દોમાં જણાવ્યું હતું કે હિન્દુસ્તાનના વિશાળ માનવ સમુદાયે સ્વતંત્રતાનો સ્પર્શ અને અનુભવ ન કર્યો હોય ત્યાં સુધી તેને દુનિયાની સ્વતંત્રતાની લડત માટેનો ઉત્સાહ આવે શી રીતે ? આજે તો તેમને જીવનનો પણ સ્પર્શ રહ્યો નથી. તેમનામાંથી જીવન નિચોવી લેવામાં આવ્યું છે. જો તેમની આંખોમાં તેજ પૂરવું હોય તો આઝાદી આવતીકાલે નહીં, આજે જ આવવી જોઈએ. આથી મેં કોંગ્રેસને હોડમાં મૂકી છે. કૉંગ્રેસે પ્રતિજ્ઞા કરી છે કે, 'કરેંગે યા મરેંગે' આ શબ્દો હજી તો હવામાં ગુંજતા હતા ત્યાં તો ૯મી ઑગસ્ટની વહેલી સવારે ગાંધીજી, સરદાર પટેલ અને જવાહરલાલ નહેરુ સહિત તમામ નેતાઓની ધરપકડ થઈ. ૯મી ઑગસ્ટે સવારે આ વાત લોકોમાં ફેલાઈ ગઈ. દેશભરમાંથી તમામ નેતાઓને અજાણ્યાં સ્થળોએ કારાવાસમાં લઈ જવામાં આવ્યા. દેશ નેતાવિહીન બની ગયો. પણ ગાંધીજીની ચેતનામય વાણીએ નવયુવાનોમાં સ્વરાજ માટે કુરબાની કરવાનો જુસ્સો પ્રગટાવ્યો હતો અને તેથી ૧૦મી ઑગસ્ટ સવારથી તો શાળા-કૉલેજોના હજારો વિદ્યાર્થીઓ 'અંગ્રેજો ચાલ્યા જાવ', 'કરેંગે યા મરેંગે'નાં સૂત્રો સાથે સરઘસાકારે નીકળી પડ્યા. ગૂજરાત વિદ્યાપીઠે છેક ૧૯૨૦થી જ સ્વરાજની લડતોમાં ભાગ લેવાના કાર્યને મુખ્ય કાર્ય ગણ્યું હતું. એટલે ૧૦મી ઑગસ્ટના રોજ ગૂજરાત વિદ્યાપીઠના વિનયમંદિરના કાર્યને સંકેલી લઈને તે વખતના આચાર્યશ્રી વિઠ્ઠલદાસ કોઠારીએ વિદ્યાર્થી અને શિક્ષકોને સ્વરાજની આ લડતમાં જોડાઈ જવાનો ઠરાવ કર્યો. ૧૫મી ઑગસ્ટના રોજ તે વખતના મહામાત્ર શ્રી મગનભાઈ દેસાઈએ આ ઠરાવ અંગે પરિપત્રથી બધાની સંમતિ લીધી. આ ઠરાવનું સમર્થન પરીક્ષિતલાલ મજમુદાર, કિશોરલાલ મશરૂવાળા, વાલજીભાઈ દેસાઈ, મામાસાહેબ ફડકે

* ૧૯૯૨માં આપેલ પ્રવચનના આધારે.

તથા ગોપાળદાસ પટેલે કર્યું હતું. ગૂજરાત વિદ્યાપીઠ ૧૯૨૦થી સ્વરાજ્યની તમામ લડતોમાં મોખરે રહી હતી. બેતાળીસની આખરી લડતમાં પણ તે મોખરે રહી હતી. ૧૯૨૫માં ગાંધીજીએ 'હિંદુસ્તાનના સ્વરાજનું ભાવિ એ જ વિદ્યાપીઠનું ભાવિ છે.'' એવા શબ્દોમાં ગૂજરાત વિદ્યાપીઠના કાર્યને સ્પષ્ટ રીતે આંકેલું છે. તેથી 'હિંદ છોડો' લડતની સુવર્ણ જયંતીનો પ્રસંગ અમારે માટે ખૂબ જ નવચેતના અને નવસંચારનો પ્રસંગ છે. આ પ્રસંગે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને '૪૨ની લડતના કેટલાક અગ્રણી સ્વાતંત્ર્ય સૈનિકો હાજર છે તે અમારે માટે ખૂબ જ આનંદની વાત છે. ગાંધીજીએ આંકેલી સ્વરાજની સંકલ્પના મુજબ વિદ્યાપીઠ નિરક્ષરતા-નાબૂદી સામેના જંગનું કેન્દ્ર બની ચૂકી છે અને આગામી બે વર્ષોમાં 'નિરક્ષરતા-મુક્ત ગુજરાત'નું સ્વરાજનું સ્વપ્નું રાજ્ય સરકાર અને પ્રજાના સહયોગથી સિદ્ધ થશે તેવી અમને શ્રદ્ધા છે.

મારા અંગત જીવન માટે પણ '૪૨ની લડત એ મારા રાષ્ટ્રીય અવતારનો અવસર બની ગયો. '૪૧માં ડાકોરમાં વ્યક્તિગત સત્યાગ્રહને પ્રત્યક્ષ નિહાળ્યા માત્રથી જ દેશની સ્વતંત્રતા માટે ગાંધીજીના માર્ગે કામ કરવાની તમન્ના જાગી ગઈ. '૪૨માં માધ્યમિક શાળાના છેલ્લાં વર્ષોમાં મેં 'વિદ્યાર્થી સંગ્રામ સમિતિ'ની રાહબરીની હેઠળના કાર્યક્રમોની જવાબદારી ઉઠાવી હતી. ૧૦મી ઑગસ્ટે જ સવારે વડોદરાની સયાજી હાઈસ્કૂલોના વર્ગોમાં 'નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે, ખબર છે એટલી કે માતની હાકલ પડી છે,'ની ઝવેરચંદ મેઘાણીની ચિનગારી જગવતી કવિતાનાં આ બે વાક્યો ઠેર ઠેર લખી નાખ્યાં અને વિદ્યાર્થીઓનું સરઘસ કાઢી શાળાના વર્ગોનો ત્રણ મહિના સુધી બહિષ્કાર કર્યો. દરરોજ 'નહિ નમશે, નહિ નમશે નિશાન ભૂમિ ભારતનું' ગીત ગાતાં પ્રભાતફેરીઓ કાઢી. પછી તો અડાસનો ગોળીબાર, વડોદરાના રાવપુરાનો ગોળીબાર, લાઠીમારની શ્રેણીબદ્ધ ઘટનાઓના સાક્ષી થવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. ગૂજરાત વિદ્યાપીઠમાં તે વખતે 'વિદ્યાર્થી સંગ્રામ સમિતિ'ની ભૂગર્ભ બેઠકો યોજાતી હતી. શ્રી ભાઈલાલભાઈ કોન્ટ્રાક્ટર, શ્રી ઉત્સવભાઈ પરીખ વગેરે તેના સૂત્રધારો હતા. મારા સાથી શ્રી બ્રહ્મકુમાર ભટ્ટ અને મનુભાઈ પટેલ તથા મુકુંદ પટેલ વિદ્યાર્થી સંગ્રામ સમિતિના અગ્રણીઓ હતા. ૧૯૩૦થી '૪૨ સુધીની સ્વરાજની લડતોના અન્ય અગ્રણીઓ પણ આજે હાજર છે તે ખૂબ ઉત્સાહજનક બાબત છે. છેક ૧૯૪૪ના મે મહિના સુધી એટલે કે



ગાંધીજીના કારાવાસ-મુક્તિ સુધી આ રોમાંચક આંદોલનમાં ભાગ લેવાની મને તક મળી હતી તે મારા જીવનની સૌથી મોટી સમૃદ્ધિ છે. ૧૯૪૪માં ગાંધીજીની જુહુની પ્રાર્થનામાં હાજરી આપી અને બધા નેતાઓ છૂટ્યા ત્યારે મૌલાના આઝાદના પ્રમુખપદે એ જ ગોવાળિયા ટૅંકમાં મળેલી કૉંગ્રેસ મહાસમિતિની બેઠકમાં મુશળધાર વરસાદ વચ્ચે હાજર રહેવાનું સૌભાગ્ય પણ મળ્યું હતું, જે વર્ષોનું શિક્ષણ ન આપી શકે તેવી આત્મશ્રદ્ધા '૪૨થી '૪૪નાં બે વર્ષમાં કેળવી શકાઈ. ભારતની એકી સાથે ત્રણ પેઢીનું ઘડતર કરનાર આ બે વર્ષોનો ઇતિહાસ નવી પેઢી સમક્ષ સજીવ રાખવાનો પ્રયાસ આપણે સહુએ કરવો જોઈએ.

અસહકારની લડતના ફરજંદ તરીકે મહાત્મા ગાંધીજીએ ૧૮ ઑક્ટોબર ૧૯૨૦ના રોજ ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી હતી. તેમણે 'सा विद्या या विमुक्तये ।'ને વિદ્યાપીઠના ધ્યાનમંત્ર તરીકે નક્કી કર્યો. વિદ્યાપીઠની સ્થાપના કરવાનો મુખ્ય ઉદ્દેશ સ્વરાજ્ય પ્રાપ્તિ માટે ચારિત્ર્યવાન, સંસ્કારી, કર્તવ્યનિષ્ઠ અને શક્તિસંપન્ન કાર્યકરો તૈયાર કરવાનો હતો. સ્વરાજ માટે લડવું અને સ્વરાજની કલ્પના સાકાર કરવી એ આમ વિદ્યાપીઠની ગળથૂથીમાં છે. તેથી રાજકીય સ્વરાજ મળ્યા પછી પણ સ્વરાજના ઉદ્દેશો પાર પાડવાના તેના કર્તવ્યને ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ તે દઢતાથી વળગી રહી છે.

૧૫-૧૧-૧૯૨૦ના રોજ મહાવિદ્યાલયના સ્થાપના સમયે કરેલા વ્યાખ્યાનમાં ગાંધીજીએ જણાવેલું કે 'આપણે આ વિદ્યાલયની પ્રતિષ્ઠા વિદ્યાર્થીઓને બળવાન અને ચારિત્ર્યવાન બનાવવાને માટે કરીએ છીએ. જેટલી સફળતા વિદ્યાર્થીઓમાં મેળવીશું એટલે અંશે હિન્દુસ્તાનના સ્વરાજ માટે આપણે લાયક થઈશું. સ્વરાજની સ્થાપના બીજી રીતે થઈ શકે નહીં. આપણે આવાં વિદ્યાલયો સફળ કરવા માટે આપણો પૈસો, આપણું ચારિત્ર્ય જેટલું ખર્ચી શકીએ તેટલું ઓછું છે.

અસહકારની ઉત્પત્તિનું સ્થાન ગુજરાત છે. અસહકારનું મૂળ ગુજરાતમાં રોપાયું છે. તેના ઉપર સિંચન ગુજરાતમાં થયું છે. એને માટે તપસ્યા ગુજરાતમાં થઈ છે. મેં તો કેવળ મંત્ર આપ્યો છે. એક વણિકપુત્ર જો કરી શકતો હોય તો મેં ઋષિનું કામ કર્યું છે. (કે.કા.પૃ.૨૧૫થી ૨૧૬)

૧૯૨૪માં જેલમાંથી છૂટ્યા પછી ૮-૮-૨૪ના રોજ ગૂજરાત વિદ્યાપીઠના મહાવિદ્યાલયમાં ગાંધીજીનું સ્વાગત થયું ત્યારે તેમણે વિદ્યાર્થીઓને સંબોધન કરતાં જણાવ્યું હતું કે 'સ્વરાજમાં જે જે સાધનો કલ્પેલાં તે સમજવાં જોઈએ. એ છે રેંટિયો, અંત્યજને ભેટવું અને હિન્દુ-મુસ્લિમ-પારસી કોમની એકતા સાધવી.. (કે.કા.પૃ. ૨૪૫)

ચોથા પદવીદાન સમારંભમાં ૫-૧૨-'૨૫ના રોજ ગાંધીજીએ જણાવેલું કે 'જો દેશપ્રેમ સ્તુત્ય છે તો દેશદ્રોહ નિંદ્ય છે જ. જો સ્વાધીનતા સાથે સહકાર ઘટે તો પરાધીનતા સાથે અસહયોગ હોય જ. તેથી રાષ્ટ્રીય શાળા એક હો યા અનેક, હિન્દુસ્તાનના ભવિષ્યના ઈતિહાસમાં રાષ્ટ્રીય શાળાઓને સ્વાધીનતા મેળવવાની સાધનામાં ઉચ્ચ સ્થાન મળશે જે.... તમે તમને પોતાને સ્વરાજના સાચા સેવક ગણજો.... (કે.કા.પૃ. ૨૫૧-૫૮)

૧૧-૯-૧૯૨૮ના રોજ વિદ્યાર્થીઓને સંબોધતાં ગાંધીજી બોલ્યા હતા કે 'આપણે ઓછા હોઈએ કે વત્તા, આપણું ખરું બળ સિદ્ધાંતોના સ્વીકારમાં અને એનું મનુષ્યની શક્તિ અનુસાર પાલન કરવામાં રહેલું છે. જે સ્વરાજને ખાતર વિદ્યાપીઠની સ્થાપના થયેલી છે તે સ્વરાજ જરૂર મળશે.'

વિવિધ સમયે વિદ્યાર્થીઓને સંબોધતાં ગાંધીજીએ ઉચ્ચારેલાં આ વાક્યોમાંથી સ્વરાજની લડત અને ગૂજરાત વિદ્યાપીઠનો અવિભાજ્ય સંબંધ પ્રગટ થયેલો છે તેથી સ્વરાજની દરેક લડતની જેમ '૪૨માં પણ ઔપચારિક શિક્ષણકાર્ય સ્થગિત કરીને વિદ્યાપીઠના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ 'હિન્દ છોડો' આંદોલનમાં જોડાઈ ગયા હતા અને તેને સાચું શિક્ષણ ગણતા હતા.

'હિન્દ છોડો' આંદોલનની ઘટનાનાં સંસ્મરણો જીવંત કરવા માટે એક તસવીર-પ્રદર્શનનું આયોજન કર્યું છે. સાથે જ આ સંસ્મરણોની પ્રેરણા નવી પેઢીની શિક્ષણ વ્યવસ્થામાં વણાઈ જાય તેવા કાર્યક્રમો ઘડવા માટે ઈતિહાસના અધ્યાપકો અને બેતાલીસની લડતના અગ્રણી સ્વાતંત્ર્ય સેનાનીઓની એક દિવસીય સંગોષ્ઠીનું આયોજન કર્યું છે.

આ તસવીર પ્રદર્શનમાં વિશ્વ ઈતિહાસના આ ભવ્ય પ્રસંગોને વાચા આપતા ફોટાઓ, સંગ્રામ દરમિયાન સક્રિય રહેલા સેનાનીઓના ફોટા, શહીદ સ્મારકોના ફોટા, ઉપરાંત નવજીવન, સ્વરાજ્ય સંગ્રામ, કૉંગ્રેસ પત્રિકા, મ્યુનિસિપલ પત્રિકા, ચિનગારી, તણખા, નરહરિભાઈની પત્રિકા વગેરેની



પ્રત્યાલેખી નકલો પણ પ્રદર્શિત કરી છે. સરદારે કરેલી હાકલના અખબારી અહેવાલની ફોટો નકલો પણ મૂકી છે. નવમી ઑગસ્ટે ગાંધીજીની ધરપકડથી ચુંમાળીસમાં જેલમુક્તિ સુધી આગાખાન મહેલમાં જેલવાસ દરમિયાન ગાંધીજીની દિનચર્યાની તવારીખ તેમજ બેતાલીસમાં ત્રીજી ઑગસ્ટથી આઠમી ઑગસ્ટના રોજ થયેલા 'હિન્દ છોડો'ના ઐતિહાસિક ઠરાવ મુંબઈમાં બિરલા ભવનમાં રહેલા ગાંધીજીની દિનચર્યાની વિગતોનો આલેખ પણ રજૂ કર્યો છે. બેતાળીસ અંગેના ગ્રંથો પણ પ્રદર્શિત કર્યા છે અને તે વિશેની એક ગ્રંથસૂચી પણ ગ્રંથાલયે તૈયાર કરી છે અને પ્રગટ પણ કરી છે.

આ પ્રદર્શન આખું વર્ષ ખુલ્લું રહેશે અને તેનો વિકાસ કરવાનું ચાલુ રખાશે, જેથી તે કાયમી-સ્થાયી પ્રદર્શનનું રૂપ લઈ શકે. બેતાળીસની ઘટનાઓને વાચા આપતા ફોટાઓ જેમની જેમની પાસે હોય તેમને તે અમને જણાવવા વિનંતી, જેથી તે ફોટાઓની નકલ કરી અમારા દફ્તર સંરક્ષણ એકમમાં અન્વેષણાર્થે તેને સંગ્રહિત કરીશું. ફોટાઓ ઉપરાંત બેતાળીસના પ્રેરક ગીતોની ધ્વનિઅંકિત પત્રિકાઓ તૈયાર કરવાનો અને સુરક્ષિત કરવાનો અને સંભળાવવાનો ખ્યાલ છે.

૧૯૩૨માં ગૂજરાત વિદ્યાપીઠનો કબજો પરદેશી સરકારે લઈ લીધો હતો. તે દરમિયાન તેના ઘણા કિમતી દસ્તાવેજો નાશ પામ્યા હતા. તેવી રીતે ગુજરાત પ્રાંતિક સમિતિના ઘણા મહત્ત્વનાં દસ્તાવેજો પણ સચવાયા નથી. છતાં વિદ્યાપીઠ અને ગુજરાત પ્રાંતિક સમિતિના દફ્તરોમાંથી જે કંઈ બચ્યું હોય તે બધું અહીંના દફ્તરસંગ્રહમાં સાચવી રાખ્યું છે. વીસ-એકવીસના લખનૌ, દિલ્હી, મુંબઈ અને અમદાવાદના કેટલાંક દૈનિકોના સ્વરાજ અંગેના મૂળ અખબારો પણ અમારી પાસે છે.

વિદ્યાપીઠના ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગની વિવિધ પ્રવૃત્તિઓમાં દફ્તર વિદ્યામાં વિશિષ્ટ તાલીમ આપવી, બૌદ્ધ અને જૈનવિદ્યાનું અધ્યાપન, વિસ્તરણકાર્ય દ્વારા વિવિધ ઐતિહાસિક ઘટનાઓમાં પ્રદર્શનો યોજવાં, સ્લાઈડોનું નિદર્શન યોજવું, વ્યાખ્યાનો આપવાં વગેરે પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. પારંગત, અનુપારંગત તથા વિદ્યાવાચસ્પતિના સ્તરે જુદા જુદા તાલુકાઓના સ્વતંત્રતાની લડતના ઈતિહાસ પર નિબંધો તૈયાર થયા છે.

આ વિભાગ દ્વારા ચાલતી વિવિધ વિદ્યાકીય પ્રવૃત્તિઓના પરિપ્રેક્ષ્યમાં આજે બેતાળીસની લોકલડતની પચાસમી વર્ષગાંઠ ઊજવવા નિમિત્તે આ

પ્રદર્શનનું આયોજન કર્યું છે અને વર્ષ દરમિયાન તેનો વિકાસ થતો રહેશે અને ગુજરાતમાં બેતાળીસની લડત દરમિયાન થયેલી ઘટનાઓની શક્ય તે તમામ વિગતો પ્રાપ્ત કરીને એનું પ્રકાશન કરવાનું પણ વિચાર્યું છે.

આ ભવ્ય અને પ્રેરણાસભર સ્મરણ-સમારોહ પ્રસંગે આવેલા સહુ કોઈ મહેમાનોનું ગૂજરાત વિદ્યાપીઠ તરફથી સ્વાગત કરું છું. મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈએ તેમની અધ્યાપકની કારકિર્દી ગૂજરાત વિદ્યાપીઠના આ મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયના અધ્યાપક તથા વિનયમંદિરના શિક્ષક તરીકે કરી હતી. આ મહાવિદ્યાલયના પ્રાંગણમાં આજે આ ભારતની યુવાનોની ઘડનારી ભવ્ય ઘટનાની યાદના પ્રસંગે આવ્યા છે. ગુજરાતની વિદ્યાર્થી અને યુવક પ્રવૃત્તિમાં તે મારી સાથેના અગ્રણી રહેલા છે. સ્વતંત્રતા પછીના બે દશકામાં ગુજરાતની વિદ્યાર્થી અને યુવક પ્રવૃત્તિએ ગુજરાતના સાર્વજનિક જીવનને ધ્યેયપરાયણ રાખવાનું મહત્ત્વનું કાર્ય કર્યું હતું. તેના મૂળમાં '૪૨ની લોકક્રાંતિની પ્રેરણા જ હતી. આ પ્રેરકબળ ચાલુ રહે તે માટે રાષ્ટ્રઘડતરનાં કાર્યો માટે ગુજરાતની વિદ્યાર્થી યુવક પ્રવૃત્તિનું નવસંસ્કરણ કરવાનો વિચાર તેમના સહિત આપણે સૌએ કરવાનો આ અવસર છે.

### અણુયુગમાં જૂનાં મૂલ્યો, જૂની ઢબછબ નહિ ચાલે

અણુયુગે આજે માણસ સામે એક આહ્વાન ઊભું કરી દીધું છે. યુગોના યુગોથી માણસ અંદરોઅંદર લડતો - ઝઘડતો આવ્યો છે, અને છતાં માનવજાત ટકી રહી છે. પરંતુ આજે અણુયુગે માણસને એવી ઘેરી ચેતવણી આપી દીધી છે કે, માણસ હવે એકમેક સાથે લડવાનું બંધ નહિ કરે, તો તે આખીયે માનવજાતનો સર્વનાશ નોંતરી બેસશે.

હિંસાને હવે માનવસમાજમાંથી જડમૂળથી ઉખેડી નાંખવી પડશે અને માણસ પોતાના પાડોશી સાથે શાંતિ તેમજ ભાઈચારાથી રહી શકે એવી નવી જીવનપદ્ધતિ શોધવી પડશે. આને માટે નવું ચિંતન જોઈએ, સાવ નવેસરથી બધું વિચારવું જોઈએ. આર્થિક, રાજકીય, સામાજિક એના એ ઢાંચા હવે નહિ ચાલે. જૂની વ્યવસ્થાઓ, જૂનાં મૂલ્યો, જૂની ઢબછબ બધું બદલવું પડશે. નવાં મૂલ્યો, નવી રીતિનીતિઓ, નવી વ્યવસ્થાઓ શોધવી પડશે.

**– લોકનાયક જયપ્રકાશ નારાયણ**



## ૩. કોરોના અને કામદારો : રાજ્ય અને બજાર બંને નિર્દય !

**– પ્રો. હેમંતકુમાર શાહ***

માણસ ગુફાઓ છોડીને મેદાનોમાં આવ્યો અને ખાનગી મિલકતની શરૂઆત થઈ ત્યારથી જ આમ જુઓ તો મૂડીવાદનો જન્મ થયો હતો. પછી મુક્ત બજાર કે મુક્ત સાહસના અર્થતંત્ર તરીકેના તેના ઔદ્યોગિક ક્રાંતિ પછીના વિકાસમાં જે મહત્ત્વનો મુદ્દો ઉમેરાયો તે હતો ઉત્પાદન અને વપરાશની સ્વતંત્રતા સાથે ઉપાર્જનની સ્વતંત્રતાનો. ઉપાર્જનની સ્વતંત્રતા એટલે તેમાં ગમે તેટલી સંપત્તિ પ્રાપ્ત કરવાની સ્વતંત્રતા અને તેને રાજ્યનું કાનૂની સમર્થન અને રક્ષણ. એમાંથી જ મજૂરોના બેફામ નિર્દયી શોષણની દાસ્તાન આકાર પામી. કોરોના મહામારીએ આ દાસ્તાનમાં સેંકડો નવી કહાનીઓ ઉમેરી છે અને સાહિત્યકારોને તથા ફિલ્મ નિર્માતાઓને તેમાંથી મસાલો મળી રહેશે એમાં કોઈ શંકા નથી.

મૂડીવાદમાં જેમ શેર બજાર કેન્દ્રમાં રહે છે તેમ બૉન્ડ બજાર પણ કેન્દ્રમાં રહે છે. અમેરિકાના 'બૉન્ડ કિંગ' ગણાતા બિલક્રોસ દ્વારા ૨૦૧૬માં એમ કહેવામાં આવ્યું હતું કે, ''૫૦૦ના નોંધાયેલા ઇતિહાસમાં બજારમાં વૈશ્વિક બૉન્ડનું વળતર અત્યારે સૌથી નીચું ગયું છે. બૉન્ડનો દસ હજાર અબજ ડૉલરનો નકારાત્મક દર છે. આ એક સુપરનોવા છે કે જે એક દિવસ ધડાકાબંધ ફાટશે.'' સુપરનોવા એટલે કોઈ તારાનું મરણ થવાનું હોય ત્યારે જે ધડાકો થાય તે. શું કોરોનાગ્રસ્ત દુનિયામાં મૂડીવાદના અંતનો આવો સમય નજીક આવી ગયો છે ખરો ? શૅરબજાર કે બૉન્ડબજારમાં ક્યાંય વસ્તુઓ અને સેવાઓ ઉત્પન્ન કરતા મજૂરો નથી. એટલે લોકડાઉનમાં બધું બંધ થવા છતાંય એ ચાલુ જ રહ્યા એ જુદો જ મુદ્દો છે !

એ એક હકીકત છે કે અનેક સદીઓના તેના અસ્તિત્વમાં મૂડીવાદ પહેલી જ વાર પોતાના અસ્તિત્વની સૌથી ગંભીર કટોકટીનો સામનો કોરોનાગ્રસ્ત દુનિયામાં કરી રહ્યો છે. માત્ર યુરોપ અને અમેરિકાના ધનવાન દેશોમાં જ કરોડો લોકો બેકાર થઈ ગયા છે એવું નથી, પણ એશિયા અને આફ્રિકાના

* પ્રા. હેમંત શાહ અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક છે અને એક સ્વતંત્ર વિચારક તરીકે તત્કાલીન પ્રશ્નો પર એમનો આગવો મત ધરાવે છે.

તુલનાત્મક રીતે ગરીબ દેશોમાં જે કરોડો લોકો કંગાલિયતમાં જ જીવતા હતા. તેઓ હવે લગભગ સાવ બેકાર થઈ ગયા છે અને તેમને બે સમયનાં ભોજનનાં પણ ફાંફાં પડી રહ્યાં છે. આ સંજોગોમાં જ મૂડીવાદના ચરિત્રમાં જ 'પૈસો મારો પરમેશ્વર' છે અને જેની આખી અર્થવ્યવસ્થા મનુષ્યને સ્વાર્થી અને લોભી ધારીને ચાલે છે અને તેને એવો બનવા પ્રેરે છે અને જેમાં ગળાકાપ સ્પર્ધા અનિવાર્ય છે, તે મૂડીવાદનું હવે શું થશે એ સવાલ છે. શું મૂડીવાદ માનવ સભ્યતા અને સંસ્કૃતિ સાથે જ વિસંગત છે ? મનુષ્યના વાળના વ્યાસના એક હજારમાં ભાગનું જેનું અસ્તિત્વ છે તેવો કોરોના વાઇરસ આટલો મોટો તરખાટ મચાવી રહ્યો છે !

અમેરિકામાં ૨૦૦૮માં જે કટોકટી આવી તે માત્ર નાણાકીય કટોકટી હતી અને તેથી મંદી આવી હતી એમ પણ નહિ, પણ તે એક માળખાગત કટોકટી હતી એમ નિષ્ણાતો કહે છે. તે સમયે અમેરિકામાં અને યુરોપમાં પણ શૂન્ય વ્યાજના દરે લોન આપીને મહાકાય કંપનીઓને બચાવી લેવામાં આવી હતી. કોરોના મહામારીના કિસ્સામાં અત્યારે પણ એ જ થઈ શકે છે. પણ તેની મર્યાદા આવી ગઈ છે એમ નિષ્ણાતો કહે છે. ભારતમાં પણ એ કટોકટીની અસર ખાસ્સા મોટા પ્રમાણમાં વર્તાઈ હતી. તે સમયે બૅંકો અને નાણાં સંસ્થાઓ વચ્ચેની બેફામ સ્પર્ધાને લીધે વ્યાજના દર ઘટવાને પરિણામે કટોકટી ઊભી થઈ હતી. વ્યાજના દર ઘટ્યા તેનું કારણ એ હતું કે નફાનો દર ઘટ્યો હતો અને મૂડીનું કદ એટલું બધું વધી ગયું હતું કે કામદારો અને ખેડૂતો તેને જરૂરી વસ્તુઓ અને સેવાઓનો પુરવઠો પૂરો પાડી શકતા નહોતા.

રસપ્રદ બાબત એ છે કે ભારતમાં સરકારે કોરોના રાહત પૅકેજ જાહેર કરીને એમ કહ્યું કે કામદારોનું ત્રણ મહિનાનું પી.એફ. કંપનીઓ નહિ આપે અને તે સરકાર આપશે. એમાં ફાયદો કોને થયો ? સ્પષ્ટ છે કે કંપનીઓને. ભારતમાં જે ૪.૫ કરોડ કામદારો ૧૯૫૨માં સ્થપાયેલ કામદાર પ્રોવિડન્ટ ફંડ સંગઠન (EPFO)ના સભ્ય છે તેમને તત્કાલ તો કંઈ જ મળ્યું નહિ ! હા, આ સંગઠનમાં કરોડો રૂપિયાનો નફો રળનારી કંપનીઓમાંથી, મુંબઈ શૅર બજારના સેન્સેક્સની મહાકાય ૩૦ કંપની સહિતની, એક પણ કંપનીએ એમ ના કહ્યું કે એવી કોઈ જરૂર છે જ નહિ, તેઓ પોતે એ રકમ આપશે જ.



અને હા, આ પ્રોવિડન્ટ ફંડમાં રૂ. ૧૮ લાખ કરોડ છે. આ ફંડમાં એપ્રિલ ૨૦૧૭ સુધીમાં રૂ. ૪૦,૮૬૫ કરોડ તો એવા પડ્યા છે કે જે ઉપાડવા માટે કામદારોએ દાવો જ કર્યો નથી ! એના પર દર વર્ષે સંગઠનને જે રૂ. ૪,૦૦૦ કરોડનું વ્યાજ મળે છે તે બીજાં ત્રણ વર્ષનું ભેગું થયું તે જુદું. શું આ રકમ કામદારોમાં તરત જ વહેંચી શકાઈ ના હોત ? જો એમ થયું હોત તો દરેક કામદારને રૂ. ૯,૦૦૦ મળી ગયા હોત. કામદારોના પૈસા કામદારોને મળે તેમાં વાંધો શો ? એ જો કે જુદી જ બાબત છે. DHFL અને IL&FSમાં જો રૂ. ૪૫૦૦ કરોડનું રોકાણ EPFO દ્વારા કરવામાં આવ્યું હતું તે બંને કંપનીઓ ડૂબી ગઈ એટલે ફસાઈ ગયા. કામદારોનાં આ નાણાંનું રોકાણ ૮૫ ટકા દેવાં બજારમાં અને ૧૫ ટકા રોકાણ શૅરબજારમાં થાય છે. સરકારની બૅંકોમાં રોકાણ નથી થતું. નૉબેલ ઈનામ વિજેતા અમેરિકન અર્થશાસ્ત્રી મિલ્ટન ફ્રીડમેન તેમના 'Capitalism and Freedom' પુસ્તકમાં લખે છે કે, ''મુક્ત બજાર એ હજુ સુધી શોધાયેલી એકમાત્ર એવી વ્યવસ્થા છે કે જેના દ્વારા સહભાગી લોકશાહી સિદ્ધ થઈ શકે છે.'' પણ આમાં સહભાગિતા કોની છે ? મુક્ત બજાર કેટલું મુક્ત રીતે નિર્દય છે તેની આ સાબિતિ છે.

સરકારે કામદારોને પગાર આપવાનું કહ્યું તો તેની શી સ્થિતિ થઈ છે તે ગુજરાતના સંદર્ભમાં જોઈએ. રાજ્ય સરકારના અધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રાએ તા. ૨૪-૪-૨૦૨૦ના રોજ એમ કહ્યું કે લોકડાઉન હોવા છતાં અને ઉત્પાદન બંધ હોવા છતાં સમગ્ર ગુજરાતમાં ૧૦.૯૪ લાખ કામદારોને રૂ ૧,૯૦૯ કરોડ પગાર તરીકે ૩૦,૩૭૩ કારખાનાં, દુકાનો અને વ્યાપારી સંસ્થાઓના માલિકોએ ચૂકવ્યા છે. ગુજરાતમાં સરકારના સત્તાવાળાઓએ ૧૪,૦૦૦ ફોન કર્યા અને ૧૮,૦૦૦ ઇ-ઇમેલ કર્યા ત્યારે આ શક્ય બન્યું હતું એમ પણ તેમણે કહ્યું. બીજી તરફ ગુજરાતમાં તા. ૩૧-૧૧-૨૦૧૯ના રોજ લઘુ અને મધ્યમ એકમોની સંખ્યા ૧,૧૪,૫૪૬ છે. એટલે એમ સમજવાનું કે તે બાકીના ૮૪,૧૭૩ એટલે ૭૩ ટકા એકમોએ તો પગાર ના જ આપ્યો. જો સરકારે હુકમો ના કર્યા હોત તો આટલા એકમોએ પણ પગાર ના જ આપ્યો હોત એમ માની શકાય ?

કંપનીઓના ડિરેક્ટરો અને માલિકોએ જ્યારે ઉત્પાદનનું અને વેચાણનું કામ ચાલુ હતું ત્યારે લાખો કરોડ રૂપિયાનો નફો રળ્યો. પણ જેવું ઉત્પાદન

બંધ થયું ત્યારે તરત જ કામદારોને કાઢી મૂક્યા. તેઓ વેતન આપતા નથી અને કોઈ સહાય પણ આપતા નથી. સરકાર ફરજ પાડે ત્યારે જ તેમણે કામદારોનું ધ્યાન રાખવાનું ? ઉપરાંત, એ પણ નોંધનીય છે કે જ્યારે પણ કટોકટી ઊભી થાય છે ત્યારે મૂડીપતિઓ ગરીબોને કામ આવે છે તેના કરતાં અનેક ગણા વધુ પ્રમાણમાં સરકારો જ મદદે આવે છે. પણ જ્યારે બજારમાં કટોકટી ઊભી થાય છે ત્યારે કંપનીઓને બચાવો એવી રાડારાડ શરૂ થઈ જાય છે. મોટી કંપનીઓને બચાવવા માટે તો કંપનીઓ માટેનાં નિયમનકારી માળખાં ઢીલાં કરો અને પર્યાવરણનાં ધોરણો નીચાં લઈ જાઓ એવી માંગણીઓ કંપનીઓ સતત કરે છે.

એક બીજી બાબત પણ લગભગ નક્કી જ છે કે કોરોના મહામારી પછી શ્રમ ધોરણોનો અમલ કરવામાં પણ ઢીલાશ આવશે. આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO) દ્વારા ઘડાયેલા ઠરાવો પર ભારત સહીઓ તો કરે જ છે પણ તેનું કેટલું પાલન કરે છે તે મસમોટો સવાલ છે. જો પાલન થતું જ હોત તો કોરોના મહામારીના સંજોગોમાં લદાયેલા લોકડાઉનના બીજા તબક્કામાં ગ્રામીણ ભારત હાઈ-વે પર પદયાત્રા કરવા ના નીકળી પડ્યું હોત ? હવે નિકાસ વધારવા, અર્થતંત્રને જીવંત બનાવવા, દેશની જીડીપી અને માથાદીઠ આવક વધારવા કામદારોના કલ્યાણ અને રક્ષણ માટે કરાયેલા કાયદાઓના અમલમાં છૂટછાટ આપવા ઉદ્યોગ મંડળો માગણીઓ કરશે અને સરકારો એ સંતોષશે પણ ખરી.

ભારતમાં રાજ્ય સરકારો મૂડીને આકર્ષવા, ઉત્પાદકતા વધારવા અને રોજગારી વધારવાને નામે કામદારોનું શોષણ કરવાની કાનૂની વ્યવસ્થા ઊભી કરવામાં હરીફાઈ કરે છે. ૨૦૧૪માં રાજસ્થાને શ્રમ સુધારાને નામે મજૂર કાયદાઓમાં જે સુધારા કર્યા તેણે આ ચીલો વધુ ચીતર્યો. ગુજરાતમાં તા. ૩૧-૩-૨૦૧૬ના રોજ સરકારના શ્રમ અને રોજગાર વિભાગે ઠરાવ કરીને જણાવ્યું કે લઘુતમ વેતનધારો, કારખાનાં-ધારો, બોનસ ચુકવણીધારો, ગ્રેજ્યુઈટી ચૂકવણી ધારો અને કરારી મજૂર ધારો એમ પાંચ કાયદાની જુદી જુદી કલમોનો અમલ કારખાનાં માલિકો કરે છે તેવું પ્રમાણપત્ર તેમણે પોતે આપવાનું એટલે સરકારી ઈન્સ્પૅક્ટર કોઈ તપાસ કરવા માટે તેમને ત્યાં નહિ આવે. કારખાનાનાં માલિકો જે કંઈ કરે તે બધું બરાબર છે તેમ સરકારે માની લેવાનું ! કારખાનાંના



માલિકો આ વ્યવસ્થાને મજબૂત બનાવશે જ, કારણ કે હવે વિકાસને વેગવાન બનાવવાનો છે.

કંપનીઓનાં મંડળો હંમેશાં બજારમાં કટોકટી ઊભી થાય ત્યારે સરકાર પાસે સબસિડી માગ્યા વિના રહેતાં નથી. જો આમ જ ચાલે તો શોષણની પ્રવર્તમાન વ્યવસ્થાનો અંત શક્ય બને તેમ નથી. રાજ્ય જો મૂડીપતિઓની સાથે ભળી ના જાય તો જ એ શક્ય બને, પણ સવાલ એ છે કે જો રાજ્ય જ મૂડીપતિઓના ટેકાથી ટકતું હોય તો એ કેવી રીતે સંભવ બને ? એક અંદાજ છે કે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ૫૫,૦૦૦ કરોડનો ખર્ચ થયો. એટલે કે લોકસભાની એક બેઠક પર ૧૦૦ કરોડ ! આ રકમ જ્યાંથી આવતી હોય ત્યાં એ પરત ભરપાઈ કરવાની બધા રાજકીય પક્ષોના નેતાઓની ફરજ તો છે જ.

કાર્લ માર્ક્સે તેમના 'ધ કેપિટલ'ના પ્રથમ ભાગમાં લખ્યું છે કે 'મૂડીનું એકમાત્ર ચાલક બળ એ છે કે તે અધિશેષ મૂલ્ય (એટલે કે નફો) સર્જવા માટે પોતાને પરાક્રમી બનાવે છે. મૂડી એટલે મૃત શ્રમ કે જે બીજાનું લોહી ચૂસનારા ભૂતની જેમ જીવતા મજૂરને ચૂસીને જ જીવે છે અને તે જેટલું વધારે જીવે તેટલું તે વધારે લોહી ચૂસે'' કોરોનાકાળમાં ભારતમાં તો હજારો સ્થળાંતરિત મજૂરોનું લોહી માત્ર ચુસાતું રહ્યું નહિ, પણ સેંકડો કિલોમીટરના રસ્તા પર ધોમધખતા તાપમાં ટીપેટીપે ઢોળાતું પણ રહ્યું. આ શોષણની વ્યવસ્થાનો અંત શું કોરોના મહામારીના અંત સાથે આવશે કે પછી તે જ વ્યવસ્થા બદલાયેલા સ્વરૂપે ચાલુ રહેશે ? મિલ્ટન ફ્રીડમેને જ કહ્યું છે કે, ''મફત ભોજન જેવું કશું હોતું નથી.'' વાત બિલકુલ સાચી છે. પણ આ ભોજનની કિંમત કેટલી એ તેમણે કહ્યું નથી.

> "The search for money is ultimately underpinned or embedded in the desire for identity. So in the 21st century, for all of us, the first concern is quest for identity and this leads to quest for culture with which we can identify."
>
> – Lord Bhikhoo Parekh

# ૪. પ્રા. રામલાલ પરીખ : બહુમુખી વ્યક્તિત્વ*

**– શ્રી વિષ્ણુભાઈ બારોટ**

સ્વ. રામલાલભાઈ પરીખના અવસાનને ૨૦ વર્ષ પૂરાં થયાં. આજ સુધી તેમની સ્મૃતિમાં ૨૦ જાહેર વ્યાખ્યાનો દેશ અને દુનિયાની ખ્યાતનામ વ્યક્તિઓ દ્વારા અપાયાં છે. આ વર્ષે કોરોનાની મહામારીને કારણે ૨૧મું જાહેર સ્મૃતિ વ્યાખ્યાન યોજવાનું શક્ય બન્યું નથી.

૧૮-૦૪-૧૯૨૭માં વડોદરામાં જન્મેલ અને ૨૧-૧૧-૧૯૯૯માં અવસાન પામેલ સ્વ. રામલાલભાઈની અનેકવિધ પ્રવૃત્તિઓ વિશે મારે જ કંઈક કહેવું એવું આ સંસ્થાના ટ્રસ્ટી ડૉ. મંદાબહેન પરીખ અને ટ્રસ્ટી અને મંત્રીશ્રી મયંકભાઈના આગ્રહથી તેમનાં કાર્યો વિશે થોડીક વાત કરવાનો પ્રયત્ન કરું છું.

તેમનાં અનેકવિધ ક્ષેત્રોનાં કામ વિશે વાત કરતાં પહેલાં હું તેમના પરિચયમાં કેવી રીતે આવ્યો તે વિશે બે-પાંચ વાક્ય કહીને તેમની વિધવિધ પ્રવૃત્તિઓ વિશે વાત કરીશ.

૧૯૫૨માં ઈતિહાસ અને સંસ્કૃતિ વિષય સાથે પારંગતની પદવી લઈને તેઓ સીધા ગૂજરાત વિદ્યાપીઠના અધ્યાપક તરીકે જોડાયા, પણ પછી યુવક કોંગ્રેસના મંત્રી પદે એમને દિલ્હી બોલાવવામાં આવ્યા અને ૧૯૫૬માં તેઓ દિલ્હી ગયા. પણ સ્વ. મગનભાઈ દેસાઈ જે ત્યારે મહામાત્ર હતા, એમણે એમને lien રાખીને જવા કહ્યું. ૧૯૬૧માં સ્વ. મગનભાઈના રાજીનામાની સાથે શ્રી મોરારજીભાઈના આગ્રહથી તેઓ વિદ્યાપીઠમાં મહામાત્ર તરીકે જોડાયા. હું ૧૯૬૪માં ખંડસમયના કાર્યકર તરીકે ગૂજરાત વિદ્યાપીઠના મુખ્ય કાર્યાલયમાં ટાઈપિસ્ટ અને અન્ય કામો માટે જોડાયો. ૧૯૭૦માં સ્ટેનોગ્રાફર અને ૧૯૭૩માં તેમના અંગત મદદનીશ તરીકે બઢતી મળી. આમ સતત ૩૫ વર્ષ સુધી તેમની સાથે કામ કરવાનો અવસર મળ્યો. ૧૯૫૨થી તેમણે ગૂજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક તરીકે, ૧૯૬૧થી મહામાત્ર તરીકે, ૧૯૭૧થી કુલનાયક તરીકે અને છેલ્લે ૧૯૯૭થી કુલપતિ તરીકે કાર્યરત રહ્યા. મૂળ શિક્ષણનો જીવ હોવાથી વહીવટી કામો સાથે તેઓએ અધ્યાપનનું કામ આ સમગ્ર કાળ માટે ચાલુ જ રાખ્યું હતું. અનેકવિધ પ્રવૃત્તિઓને કારણે નિયમિત વર્ગો લઈ શકતા નહોતા, પરંતુ જ્યારે સમયની અનૂકુળતા હોય ત્યારે તેઓ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ

* ૨૧ એપ્રિલ, ૨૦૨૦ના રોજ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં શ્રી વિષ્ણુભાઈ બારોટ દ્વારા રજૂ થયેલ નોંધ.



માટે સતત દોઢ-બે કલાક સુધી વર્ગ લેતા. વિષય પરની તેમની પકડ અને બોલવાની છટાથી વિદ્યાર્થીઓ પ્રભાવિત હતા.

શિક્ષક ક્યારેય સફળ વહીવટકાર ના થઈ શકે એ વાતે એમણે ખોટી સાબિત કરી અને ગૂજરાત વિદ્યાપીઠના વહીવટ સાથે શિક્ષણકાર્યને પણ પ્રાધાન્ય આપ્યું. તેઓ કુશળ અધ્યાપક-શિક્ષક અને કુશળ વહીવટકર્તા થઈ શક્યા. તેનું મુખ્ય કારણ તેમનું આગોતરું ચિંતન, કાર્ય અંગેનું ચિંતન, કાર્ય દરમિયાનનું ચિંતન અને કાર્ય ઉપરાંતનું ચિંતન.

૧૯૬૩માં વિદ્યાપીઠને U.G.C. દ્વારા વિદ્યાપીઠના સિદ્ધાંતો અને ગાંધી સ્થાપિત મૂલ્યોને કાયમ રાખીને યુનિવર્સિટી જગતમાં પ્રવેશ કરાવ્યો. વિદ્યાપીઠનાં ૪૭ વર્ષના કાર્યકાળ દરમિયાન અનેક નવા અભ્યાસક્રમો વિકસાવ્યા અને તેને અનુરૂપ અનેક ભવનો પણ બાંધ્યા. તેઓ દેશની ઘણી યુનિવર્સિટીઓનાં કુલપતિઓના સંપર્કમાં આવ્યા અને જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં વિદ્યાપીઠમાં અપાતાં શિક્ષણ વિશે પ્રવચનો આપતા.

ભારતની યુનિવર્સિટીઓને અનુદાન આપતી સંસ્થા ''યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન''ના તેઓ ત્રણ વર્ષ સુધી સભ્ય રહ્યા અને તેની અનેક સમિતિઓમાં સભ્ય તરીકે રહેવાને કારણે દેશની ઘણી યુનિવર્સિટીઓની મુલાકાત લઈને જરૂર હોય ત્યાં નવા વિષયો શરૂ કરાવ્યા. ભારતીય યુનિવર્સિટી સંગઠનમાં પણ તેઓ વર્ષો સુધી સંકળાયેલા રહ્યા અને છેલ્લે તેના પ્રમુખ બન્યા. હોદ્દાની રુએ 'ઍસોસિયેશન ઑફ કૉમનવેલ્થ યુનિવર્સિટીઝ' અને 'આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીઓનાં અધ્યક્ષોનાં મંડળના પણ પ્રમુખ તરીકે કાર્યરત રહ્યા.

ડેન્માર્ક સ્થિત ઍસોસિયેશન ફૉર વર્લ્ડ ઍજ્યુકેશન (સ્થાપક ડૉ. આગા રોસેન્હલ નેલ્સન) સંસ્થાના બૉર્ડના સભ્ય અને તેની ભારતીય શાખાના તેઓ અધ્યક્ષ હતાં. આ સંસ્થાની બૉર્ડની બધી મિટિંગો અને તેની આંતરરાષ્ટ્રીય પરિષદોમાં પણ હાજરી આપતા. આ સંસ્થાની એક આંતરરાષ્ટ્રીય પરિષદ ૧૯૭૫માં ગૂજરાત વિદ્યાપીઠમાં પણ યોજાઈ હતી.

આ બધી શૈક્ષણિક પ્રવૃત્તિઓને કારણે તેઓ દેશ-વિદેશમાં વિદ્યાપુરુષ તરીકે જાણીતા બન્યા.

વિદ્યાર્થીકાળ દરમિયાન શરૂઆતથી જ તેમને યુવક પ્રવૃત્તિઓમાં રસ હોવાથી વિદ્યાર્થી સંગઠનો બનાવ્યાં અને તેના દ્વારા યુવકોના ઘડતર માટે જુદાં જુદાં પ્રવાસો અને શિબિરો કરી. વડોદરા યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને થતાં

અન્યાય માટે આંદોલન પણ ચલાવેલું. તેમણે ગામે ગામ વિદ્યાર્થીમંડળોની સ્થાપના કરેલી અને તેમાંથી અખિલ ગુજરાત વિદ્યાર્થી કૉંગ્રેસની સ્થાપના થઈ અને તેના મંત્રી તરીકે પણ કામ કર્યું.

આ સમય દરમિયાન ગુજરાતમાં વિદ્યાર્થી કૉંગ્રેસનું અધિવેશન ભરવાનું નક્કી થયું અને યુવક પ્રવૃત્તિ દરમિયાન દેશના અનેક નેતાઓ સાથે સંપર્કમાં આવવાને કારણે તત્કાલીન વડાપ્રધાન સ્વ. જવાહરલાલજીને દિલ્હીમાં મળીને આ સંમેલનમાં આવવા આગ્રહ કર્યો. અને શ્રી ઈન્દિરાબહેનને પણ નિમંત્રણ આપ્યું. આમ, તેઓ બંને આ સંમેલનમાં હાજર રહ્યાં.

યુવક પ્રવૃત્તિઓમાં રસ હોવાને કારણે તેઓ ગુજરાત યુવક કોંગ્રેસના મંત્રી બનેલા અને ત્યાર પછી રાષ્ટ્રીય યુવક પાંખના મંત્રી અને પ્રમુખ તરીકે પણ કાર્યરત રહીને આ દેશમાં યુવક પ્રવૃત્તિઓનાં મૂળ નાખ્યાં.

યુવક પ્રવૃત્તિઓ માટે વૈશ્વિક સ્તરે કામ કરતી 'વર્લ્ડ એસેમ્બલી ઑફ યૂથ' સાથે પ્રવૃત્તિઓમાં જોડાઈને તેની ભારતીય શાખાના અધ્યક્ષ તરીકે પણ અનેક વિધ યુવા પ્રવૃત્તિઓ કરી.

આમ, વૈશ્વિક સ્તરે યુવા કાર્યકર તરીકે પણ જાણીતા થયા.

વિદ્યાર્થી કાર્યકાળ દરમિયાન શિક્ષણ ઉપરાંત જે મહત્ત્વનાં કામ એમના દ્વારા થયાં તે વિશે થોડીક વાત કરીશ. ગાંધીજી સાથે સીધા સંપર્કમાં ન હોવા છતાં ગાંધી વિચાર, શાંતિ અને અહિંસાના પ્રચાર-પ્રસાર માટે દેશ અને વિદેશની યુનિવર્સિટીઓ અને સંસ્થાઓમાં તેઓ ગયા અને પ્રવચનો કર્યાં. આ માટે ૧૯૬૯માં ગાંધી શતાબ્દી નિમિત્તે યુનિવર્સિટી કમિશનના અધ્યક્ષ અને તેના તત્કાલીન પ્રમુખ ડૉ. ડી.એસ. કોઠારી, Indian National Commission for UNESCO, Council of Scientific and Industrial Research અને Atomic Energy Commissionના સહયોગથી અમદાવાદમાં 'વિજ્ઞાન, શિક્ષણ અને અહિંસા' વિષય પર આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કર્યું. તેમાં રશિયા, અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ભારતના ખ્યાતનામ વૈજ્ઞાનિકોએ હાજરી આપી. આમાં Atomic Energy Commissionના અધ્યક્ષ ડૉ. વિક્રમ સારાભાઈએ સતત હાજર રહીને આ પરિષદને સફળ બનાવવામાં સક્રિય સહયોગ આપ્યો. આ પરિષદમાં યુનેસ્કોના નાયબ નિયામક જનરલ પણ હાજર રહ્યા. આના ફળ સ્વરૂપે ગૂજરાત વિદ્યાપીઠમાં ૧૯૭૧માં શાંતિ સંશોધન



કેન્દ્રની શરૂઆત કરી. આ પ્રવૃત્તિ માટે બજાજ કુટુંબના આર્થિક સહયોગથી શ્રી જમનાલાલ બજાજ ભવનનું નિર્માણ કર્યું અને તેનું ઉદ્‌ઘાટન તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. શંકર દયાલ શર્માના હસ્તે કર્યું. આ વિભાગમાં પારંગત અને વિદ્યાવાચસ્પતિના અભ્યાસક્રમો ચાલે છે.

આ કેન્દ્રમાં જુદા જુદા દેશોમાં ગાંધીજીની અહિંસાનો પ્રચાર કરતા તે દેશોના ગાંધી તરીકે જાણીતા - શ્રીલંકાના ગાંધી ડૉ. એ.ટી.આર્યરત્ને, ફ્રાંસના ગાંધી શ્રી લાન્ઝા દેલ્વાસ્તો, ઈટાલીના ગાંધી શ્રી ડેનીલો ડોલસી અને નોર્વેના ગાંધી ડૉ. જ્હોન ગાલ્ટૂંગ અને અન્ય મહાનુભાવો આ કેન્દ્રમાં આવીને વૈશ્વિક સ્તરે થતાં અહિંસા અને ગાંધી વિચારનાં કામો અંગે પ્રવચનો આપતા.

આમ પ્રા. રામલાલભાઈ દેશ-વિદેશમાં શાંતિદૂત તરીકે પણ જાણીતા થયા.

ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ આધુનિક સાધનો દ્વારા મળતાં શિક્ષણથી વંચિત ન રહે તે માટે કેટલાંક અવરોધો છતાં પણ પરિસર પર રાષ્ટ્રીય ભાષા હિન્દી અને માતૃભાષામાં કૉમ્પ્યૂટરના શિક્ષણ માટે અલગ અભ્યાસક્રમ અને જુદા ભવનની વ્યવસ્થા પણ તેમણે ઊભી કરી.

દેશનાં વિવિધ રાજ્યોની ભાષાઓનું ગૂજરાત વિદ્યાપીઠમાં શિક્ષણ મળી રહે એ ખ્યાલથી જે-તે રાજ્યના મુખ્યમંત્રીઓ અને અધિકારીઓ સાથેનાં પત્રવ્યવહારથી ૧૪ જેટલાં રાજ્યોની આર્થિક મદદથી તે રાજ્યોની ભાષા શીખવવા માટે વિદ્યાપીઠના પરિસરમાં ૧૯૯૦માં 'ભારતીય ભાષા સંસ્કૃતિ સંસ્થાન'ની શરૂઆત કરી, જેમાં દેશનાં ૧૪ રાજ્યોની અને અન્ય નવ દેશોની ભાષા શીખવવાની અનુકૂળતા પણ કરી.

અમેરિકાના પ્રવાસો દરમિયાન જુદા જુદા દેશોની સંસ્કૃતિ જાણવાં અને જે તે દેશની યુનિવર્સિટીઓનાં વિદ્યાર્થીઓને સોંપાયેલ વિષયોનો અભ્યાસ કરવા વૈશ્વિક સ્તરે કામ કરતી 'ધ એક્સપરિમેન્ટ ઈન ઈન્ટરનેશનલ લિવિંગ' સંસ્થાના સ્થાપક ડૉ. જ્હોન વોલેસના સંપર્કમાં આવ્યા અને તેમના આગ્રહથી ભારતમાં પણ આવી પ્રવૃત્તિ થઈ શકે તે માટે તે સંસ્થાની ભારતીય શાખાની શરૂઆત કરીને તેના દ્વારા જુદા જુદા દેશોમાંથી વિદ્યાર્થીઓ ભારતમાં આવીને ભારતીય સંસ્કૃતિનો અભ્યાસ અને તેમની યુનિવર્સિટીઓ દ્વારા સોંપાયેલ વિષયનું અધ્યયન કરીને તેમના દેશોમાં પરત જતા.

યુરોપ અને અમેરિકાનાં વિવિધ રાજ્યોમાં ચાલતી સમુદાય શિક્ષણની પ્રવૃત્તિ કરતી સંસ્થા 'આંતરરાષ્ટ્રીય સમુદાય શિક્ષણ સંઘ'ના સંચાલકોનાં સંપર્કમાં આવી એ સંસ્થા દ્વારા ૧૯૭૯માં ઑસ્ટ્રેલિયાના પાટનગર મેલબોર્નમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભાગ લીધો. ત્યાંથી મળેલ પ્રેરણાથી ૧૯૮૨માં તેમણે 'ભારતીય સમુદાય શિક્ષણ સંઘ'ની સ્થાપના કરી અને તે અંગેની માહિતી દેશની બધી જ યુનિવર્સિટીઓ અને જાણીતી સ્વૈચ્છિક સંસ્થાઓને આપી અને તેમના પ્રયાસથી ૮૦૦ જેટલા આજીવન સભ્યો આ સંસ્થામાં નોંધાયા. તેથી ૧૯૮૩, ૧૯૮૭, ૧૯૯૧, ૧૯૯૫ દરમિયાન વિશ્વના જુદા જુદા દેશોમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય પરિષદોમાં ભારતીય પ્રતિનિધિ મંડળો સાથે ભાગ લીધો. ૧૯૯૧માં કેન્યાના પાટનગર નૈરોબીમાં યોજાયેલ પરિષદમાં એશિયન વિભાગના નિયામક તરીકે તેમની પસંદગી થઈ.

૧૯૮૨માં ISCEની શરૂઆત પછી શ્રી રામલાલભાઈની હાજરીમાં જુદાં જુદાં રાજ્યોમાં આવેલ યુનિવર્સિટીઓ અને તેના પ્રૌઢશિક્ષણ વિભાગોના સહયોગથી સમુદાય શિક્ષણને અનુરૂપ સાત રાષ્ટ્રીય પરિષદોનું આયોજન કરવામાં આવ્યું. આમ, ભારત અને એશિયન રાષ્ટ્રોમાં સમુદાય શિક્ષણના પ્રણેતા તરીકે જાણીતા થયા.

એશિયન દેશોના પ્રતિનિધિઓની એક પરિષદ મલેશિયાના કુઆલાલમ્પુર શહેરમાં યોજવામાં આવી. એશિયન વિભાગના રીજિયોનલ નિયામક તરીકે ICEAની ૧૯૯૫માં થાઈલૅન્ડની રાજધાની બૅંગકોકમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય પરિષદના યજમાન બન્યા.

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે શિક્ષણ અને યુવક પ્રવૃત્તિઓના અગ્રેસર બનવાથી ગુજરાત વિધાનસભા દ્વારા ૧૯૭૫ થી ૧૯૮૧ સુધી રાજસભાના સભ્ય તરીકે નિમાયા અને સંસદની જુદી જુદી સમિતિઓમાં રહીને સક્રિય કામ કર્યું. આ દરમિયાન જુદા જુદા રાષ્ટ્રીય પક્ષોના રાજકીય આગેવાનો સાથે પણ સંપર્કમાં આવ્યા. સંસદીય સભ્ય તરીકેની મહત્ત્વની કામગીરીમાં તેમણે Indian Association of Parliamentarians for Problems of Population and Development નામની સંસ્થાની સ્થાપના કરી અને તેના સંસદસભ્ય રહ્યા ત્યાં સુધી સ્થાપક પ્રમુખ રહીને અનેકવિધ પ્રવૃત્તિઓ કરી.



૧૯૫૫માં સ્થપાયેલ અને ૧૯૬૪માં પ્રસિદ્ધિ પામેલ Komrad Adenauer Foundation દ્વારા યોજાતા વિવિધ કાર્યક્રમોના સક્રિય કાર્યકર અને જર્મનીના સાંસદ પ્રૉફેસર ગુન્ટર રીન્સેના સંપર્કમાં આવ્યા. તેમના નિમંત્રણથી ગુજરાતના અગ્રણી શ્રી ઈન્દુભાઈ પટેલ, શ્રી કૃષ્ણવદન જોશી, શ્રી દિનેશભાઈ શાહ, શ્રી પ્રસન્નવદન મહેતા સાથે KASની પ્રવૃત્તિઓની વિશેષ જાણકારી માટે જર્મની અને કેટલાક દેશોનો પ્રવાસ કર્યો. આ સંસ્થાની ભારતીય શાખા સાથે ISCE અને યુવક વિકાસ સંસ્થા જોડાઈ અને તેની સહાયથી વિવિધ કાર્યક્રમો કર્યા. આ બે સંસ્થાઓના જોડાણથી તેની ભારતીય શાખા દ્વારા દર વર્ષે જુદાં જુદાં રાજ્યોમાં યોજાતા 'સંયુક્ત કાર્યકર વિકાસ કાર્યક્રમ' માટે બંને સંસ્થાના ૩ થી ૪ કાર્યકરો ભાગ લે છે.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે 'ધી હંગર પ્રૉજેક્ટ' નામની સંસ્થાના અધ્યક્ષ ડૉ. જ્હોન હોમ્સ ૧૯૮૩માં ભારતની મુલાકાતે આવ્યા હતા. તેઓ આ પ્રવૃત્તિ ભારતમાં પણ વિકસાવી શકે એવી વ્યક્તિની શોધમાં હતા. શ્રી રામકૃષ્ણ બજાજે આ પ્રવૃત્તિ ભારતમાં વિકસાવી શકે તે માટે શ્રી રામલાલભાઈનું નામ સૂચવ્યું અને ડૉ. જ્હોન હોમ્સે તેમના નામનો સ્વીકાર કર્યો. યુવક વિકાસ સંસ્થા દ્વારા બાયડ તાલુકાના બોરલ ગામમાં કેન્દ્રની સ્થાપના કરી. આ કેન્દ્રના ઉદ્‌ઘાટન પ્રસંગે આયોજન પંચના સભ્ય ડૉ. આબીદ હુસેન, ડૉ. જ્હોન હોમ્સ અને શ્રી રામકૃષ્ણ બજાજ હાજર રહ્યા હતા. ખેડૂત સંમેલનો, મહિલા સંમેલનો વગેરે પ્રવૃત્તિઓ શરૂ કરી.

આ બધી પ્રવૃત્તિ કરવામાં તેઓ તેમના શરીર કે કુટુંબની ખાસ કાળજી લઈ શકતા ન હતા. આ બધી પ્રવૃત્તિઓ દરમિયાન દેશમાં હોય કે વિદેશમાં હોય તો પણ સતત વિદ્યાપીઠની ચિંતા કર્યા જ કરતા અને પ્રવાસ દરમિયાન પણ ફોનથી વિદ્યાપીઠની સતત પૃચ્છા કરતા. આ બધાં કાર્યોને લીધે અઠવાડિયામાં એક કે બે દિવસ જ અમદાવાદમાં રહેતા અને નિશ્ચિત થયેલા કાર્યક્રમોની તૈયારીમાં વ્યસ્ત રહેતા.

આમ, તેઓની અનેકવિધ પ્રવૃત્તિઓને કારણે દેશ અને વિદેશની અનેક સંસ્થાઓ દ્વારા ૧૮ ઍવૉર્ડથી તેમને સન્માનિત કરવામાં આવ્યા.

આવી રીતે સતત પ્રવૃત્તિ કરતાં રહેવા માટે ભોજન, સ્વાસ્થ્ય, સમય અને શ્રમની મર્યાદા જરૂરી હોય છે. પણ પ્રા. રામલાલભાઈએ એમના જીવનમાં

આ ચાર બાબતોની કાળજી રાખી જ નહીં. સતત વિમાનના પ્રવાસના કારણે શરદી, સળેખમ કાયમ રહેતું જ. આને કારણે ૧૯૯૬માં હરદ્વારમાં ICSEની રાષ્ટ્રીય પરિષદ સમયે તેમનું સ્વાસ્થ્ય કથળ્યું અને ૭૦ વર્ષ પહેલાં જ એમની તબિયત કથળવાની શરૂઆત થઈ ગઈ.

પ્રા. રામલાલભાઈ પરીખનું વ્યક્તિત્વ આભ જેટલું ઊંચું હતું. તેમના સમ વ્યક્તિત્વ અને તેમની કામગીરીને મૂલવવી કે વ્યક્ત કરવી તે ખૂબ અઘરું જ નહીં, પરંતુ દુષ્કર કાર્ય છે. એક દંતકથારૂપ જીવનના માલિક એવા મુ. શ્રી રામલાલભાઈ પરીખના વ્યક્તિત્વને શબ્દોમાં અભિવ્યક્ત કરવાનું કામ ગાગરમાં સાગર સમાવવા જેવું છે.

અનેકવિધ ક્ષેત્રો અને એક કરતાં અનેકગણા વિષયો ઉપરની તેમની પકડ અને એ તમામને વ્યક્ત કરવા માટેનું પ્રભાવશાળી વ્યક્તિત્વ અને ઉત્તમ વક્તા એવા મુ. શ્રી રામલાલભાઈ પરીખ વિશે જેટલું લખું તેટલું ઓછું છે.

How can I be (against machinery), when I know that even this body is a most delicate piece of machinery. The spinning wheel is a machine, a little tooth pick is a machine. What I object to is the craze for machinery, not machinery as such. The craze is for what they call labour saving machinery. Men go on saving machinery till thousands are without work and thrown on the open streets to die of starvation. I want to save time and labour not for fraction of mankind but for all. I want concentration of wealth but not in the hands of few but in hands of all. Today machinery merely helps few to ride on the back of millions. The impetus behind is not philanthropic to save labour but greed. It is against this constitution that I am fighting with all my might. The supreme consideration is MAN.

**– Mahatma Gandhi**



## ૫. પ્રવૃત્તિ સરિતા

### ૫.૧ નિબંધ લેખન સ્પર્ધા

સંસ્થા તરફથી છેલ્લાં ૧૨ વર્ષથી ૨ જી ઑક્ટોબર ગાંધીજયંતી નિમિત્તે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ગાંધીજીના એકાદશ વ્રતો આધારિત વિષયો પર નિબંધ લેખન સ્પર્ધા યોજવામાં આવે છે. આ સ્પર્ધામાં દર વર્ષે ગ્રામીણ અને શહેરી વિસ્તારની ૬૦-૭૦ શાળાઓમાંથી ધોરણ ૯થી ૧૨માં અભ્યાસ કરતાં ૧૮૦૦-૨૦૦૦ની સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાય છે. આ વર્ષે કોરોના મહામારીના કારણે શાળા બંધ છે. આ સંજોગોમાં સંસ્થાએ શિક્ષકો માટે નિબંધસ્પર્ધા કરવાનું વિચાર્યું. સ્પર્ધા માટેનો વિષય હતો. **'નવી શિક્ષણ નીતિ અને ગાંધી વિચાર'**. ૧૫૦ જેટલી શાળાઓમાં પત્ર, ઈ-મેઈલ અને વોટ્સએપ દ્વારા સ્પર્ધાની જાણ કરવામાં આવી. જેમાંથી ૩૪ શાળાઓમાંથી ૪ આચાર્યો અને ૫૬ શિક્ષકોએ આ નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. નવી શિક્ષણ નીતિ સંદર્ભે જરૂરી માર્ગદર્શનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. પણ આ નિબંધોમાં શિક્ષણનીતિ અને ગાંધીવિચાર બંનેનો અભ્યાસ અપૂરતો લાગતા પ્રથમ ઈનામને યોગ્ય કોઈ નિબંધ લાગ્યો નથી. બીજા અને ત્રીજા ઈનામ માટે નીચેના નિબંધો પસંદ થયા છે.

દ્વિતીય નંબર - પટેલ સુરેશભાઈ રામસંગભાઈ - એમ.બી.શાહ હાઈસ્કૂલ, સારસા, તા.જિ. આણંદ

તૃતીય નંબર - પટેલ કૈલાસબહેન શાંતિભાઈ - શ્રી સી.વી.મિસ્ત્રી સરસ્વતી કન્યા વિદ્યાલય, ધોળકા

તૃતીય નંબર - સુથાર હર્ષાબહેન દામોદરદાસ - ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય, અનેરા

ત્રણેય શિક્ષકોને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ

નવી શિક્ષણ નીતિમાં માતૃભાષાનું મહત્ત્વ ૫ + ૩ + ૩ + ૪નું માળખું અને શારીરિક, માનસિક, બૌદ્ધિક અને સાંસ્કૃતિક વિકાસ પર ઝોક છે એમ મોટાભાગના સમજ્યા છે. સંસ્કૃત અને અન્ય પ્રાદેશિક ભાષાઓને વિકલ્પ તરીકે પસંદગી આપી શકાય એ વાત પણ ઝિલાઈ છે.

ગાંધી વિચારના નઈ તાલીમના ઘણાં તત્ત્વો નવી શિક્ષણ નીતિએ પણ મહત્ત્વના ગણ્યાં છે, એવું મોટાભાગના શિક્ષકો માને છે.

### ૫.૨ ''કોવિડ-૧૯ અને યુવાનોની ભૂમિકા'' વિષય પર વીડિયો

તાજેતરમાં કોરોના સંક્રમણના વધારા સાથે દશ્ય અને શ્રાવ્ય માધ્યમોનો ઉપયોગ કરવાનું અનિવાર્ય બન્યું છે. સંસ્થાના કાર્યકર્તાઓ આ માધ્યમોનો યોગ્ય ઉપયોગ કરી શકે એ હેતુથી **''કોવિડ-૧૯ અને યુવાનોની ભૂમિકા''** વિષય પર તમામ કાર્યકરોએ ટૂંકી વીડિયો બનાવવા પ્રયાસ કર્યો. આ પ્રથમ અનુભવ હોવાથી વીડિયો બનાવવાની કામગીરીમાં ઘણી સમસ્યાઓ પણ સર્જાઈ, પણ સંસ્થાના કાર્યકરોએ આ કામગીરી પૂર્ણ કરી. વીડિયો માટેની સ્ક્રિપ્ટ પણ જાતે તૈયાર કરી. શરૂઆતના તબક્કે અભિનય કરવામાં, સંવાદ બોલવામાં, હાવભાવ પ્રગટ કરવાનું અઘરું લાગ્યું. પરંતુ જેમ જેમ આ કામમાં રસ દાખવતા ગયા તેમ તેમ બધું શીખતા ગયા અને એમાં સફળતા પણ મળી. સંસ્થાનાં ૫ કાર્યકરોએ ૫ વીડિયો બનાવ્યા.

(૧) કોવિડ-૧૯ મહામારી અને માનવ જીવન

(૨) કોવિડ-૧૯ અને બદલાયેલ માનવ સંબંધો

(૩) બાળકોના શિક્ષણ અને આરોગ્ય પર કોરોનાની થયેલ અસર

(૪) સમાજ વિકાસમાં યુવાનની ભૂમિકા

(૫) યુવાન અને કોવિડ-૧૯ સેવાકીય કામગીરી

આ પાંચ વીડિયો મલ્ટીમીડિયા રિસર્ચ સેન્ટરના નિયામક તરીકે સેવા આપેલ તજજ્ઞ શ્રીમતી માલતીબહેન મહેતાએ જોયા અને પોતાનો પ્રતિભાવ આપ્યો. આ પાંચે વીડિયો સંસ્થાના ફેસબુક પર જોઈ શકાશે. શ્રી તીર્થ પટેલ અને શ્રી ભવ્ય શાહે આ વીડિયો બનાવવાની કામગીરીમાં ટૅક્નિકલ સહયોગ આપ્યો અને જરૂરી માર્ગદર્શન પણ પૂરું પાડ્યું. સંસ્થા બંને વિદ્યાર્થીઓ અને પ્રા. માલતીબહેન મહેતાનો આભાર માને છે.

### ૫.૩ કોવિડ-૧૯ અને યુવાન

**વેબિનાર :**

હાલના પ્રવર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખી **'કોવિડ-૧૯ અને યુવાનોની ભૂમિકા'** અને **'નવી શિક્ષણનીતિ અને યુવાન'** આ વિષય પર ૫ નવેમ્બર ૨૦૨૦ના રોજ એક વેબિનાર યોજાઈ ગયો. આ વેબિનારમાં ૨૦ વ્યક્તિઓ જોડાઈ હતી. ડૉ. મનોજભાઈ પરમાર (અધ્યાપકશ્રી, સમાજકાર્ય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ) તથા ડૉ. પ્રવીણભાઈ દુલેરા (અધ્યાપકશ્રી, સાદરા કેન્દ્ર,



ગૂજરાત વિદ્યાપીઠ) વિષય નિષ્ણાત તરીકે જોડાયા હતા. આ બંને વક્તાઓ યુવાનો સાથે કાર્ય કરવાનો બહોળો અનુભવ ધરાવે છે. યુવાનોને સમજવા અને યુવાનોને સમજી તેમને સાચી દિશા ચીંધવાનું કાર્ય તેઓ કરી રહ્યા છે.

'નવી શિક્ષણનીતિ અને યુવાન' વિષય પર વક્તવ્ય આપતા ડૉ. પરમારે ૧૯૮૬માં બનેલ શિક્ષણનીતિથી શરૂઆત કરી. ૩૪ વર્ષ પછી ૨૦૨૦ની નવી શિક્ષણનીતિ સુધી થયેલ સુધારાઓ અંગે વાત કરી હતી. તેઓએ પ્રાચીન, અર્વાચીન, મધ્યકાલીન તેમજ આધુનિક શિક્ષણ વ્યવસ્થા અંગે વિસ્તૃત વાત કરી હતી. વધુમાં એમણે જણાવ્યું કે ૨૦૨૦ની નવી શિક્ષણનીતિમાં યુવાનોને ધ્યાનમાં રાખી ઘણા સુધારાઓ કરવામાં આવ્યા છે, જેમ કે હવે આર્ટ્સ, કૉમર્સ કે સાયન્સના વિદ્યાર્થીઓ પોતાના વિષયો સિવાય અન્ય વિષયો પણ ભણી શકશે એટલે આર્ટ્સના વિદ્યાર્થી કૉમર્સ કે સાયન્સના વિષયો શીખી શકશે. વિદ્યાર્થી દેશની અન્ય ભાષા શીખવા માગશે તો એનું મોડ્યૂલ પણ ઉપલબ્ધ કરવામાં આવશે. આ ઉપરાંત યુવા વર્ગ માટે વ્યવસાયિક શિક્ષણ/ આજીવિકા માટેના શિક્ષણને પ્રાધાન્ય આપવામાં આવશે. **'કોવિડ-૧૯ અને યુવાનોની ભૂમિકા'** વિષય પર ડૉ. પ્રવીણભાઈ દુલેરાએ કહ્યું છે કે, 'યુવાનોએ પરિવાર, મિત્રો અને સમુદાયને કોરોના અંગે શિક્ષિત કરી સાચી માહિતી આપવી જોઈએ. ઑનલાઈન અને ઑફલાઈન સમુદાયને જાગૃત કરવા માટેની કામગીરી કરવી, પરંતુ કંઈ પણ માહિતી બીજાને મોકલતાં પહેલાં દરેક સમાચાર અને માહિતીની સચ્ચાઈની ચકાસણી કરવી જરૂરી છે. ખોટી અફવા ન ફેલાય તેનું ખાસ ધ્યાન રાખવું. કોરોના ન ફેલાય તે માટે માસ્ક પહેરવું. સામાજિક અંતર રાખવું તેમજ હાથ વારંવાર ધોવા આ બધી સાવચેતી રાખવા અંગે યુવાન લોકોને જાગૃત કરવા જોઈએ.'' કાર્યક્રમના અંતમાં વિષયના અનુસંધાને પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી, જેના વિષય નિષ્ણાતો દ્વારા જવાબ આપવામાં આવ્યા હતા. અંતમાં સંસ્થાના ટ્રસ્ટી ડૉ. મંદાબહેન પરીખે એક સૂચન કર્યું હતું કે સમાજમા યુવાનોને સાચી દિશા આપવા માટે યુવા સંગઠનની તાતી જરૂરિયાત છે અને આવા સંગઠન થકી યુવા સમાજમાં વધારે અસરકારક ભૂમિકા નિભાવી શકાશે. વેબિનારના સંચાલક શ્રી વિક્રમસિંહ ચૌહાણે આ વેબિનારમાં ઉપસ્થિત તમામનો સંસ્થા વતી આભાર વ્યક્ત કર્યો હતો.

## ૫.૪ પ્રા. રામલાલ પરીખ ૨૧મી પુણ્યતિથિ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ

## રામલાલ પરીખ - એક બહુમુખી વ્યક્તિત્વ

૨૧મી નવેમ્બર, ૨૦૨૦ના રોજ સ્વ. રામલાલભાઈના અવસાનને ૨૧ વર્ષ પૂરાં થયાં. આજ દિન સુધી તેમની સ્મૃતિમાં ૨૦ જાહેર વ્યાખ્યાનો દેશ અને દુનિયાની ખ્યાતનામ વ્યક્તિઓ દ્વારા અપાયાં છે. આ વર્ષે કોવિડ-૧૯ની મહામારીને કારણે ૨૧મું જાહેર વ્યાખ્યાન યોજવાનું શક્ય બન્યું નથી. તેથી પ્રા. રામલાલભાઈને શ્રદ્ધાંજલિ આપવા માટે માત્ર સંસ્થાના કાર્યકરો તરફથી ઑનલાઈન કાર્યક્રમ રાખવામાં આવ્યો. આ કાર્યક્રમમાં સંસ્થાના ચેરમેનશ્રી પી. જે. દિવેટીઆ, ટ્રસ્ટીશ્રીઓ ડૉ. મંદાબહેન પરીખ અને શ્રી મયંકભાઈ ઉપાધ્યાય જોડાયા હતા. ગૂજરાત વિદ્યાપીઠના કેટલાક અધ્યાપકશ્રીઓ, સંસ્થાના કાર્યકરો અને યુવક વિકાસ ટ્રસ્ટ અને રૂડમી સંસ્થાના મિત્રો પણ જોડાયા હતા.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. પ્રાર્થના બાદ પ્રા. રામલાલભાઈ પરીખના જીવન અને તેમના દ્વારા કરવામાં આવેલ ઉમદાં કાર્યો અંગે શ્રી વિષ્ણુભાઈ બારોટ દ્વારા તૈયાર કરવામાં આવેલ લેખનું વાંચન શ્રી વિક્રમસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રા. રામલાલભાઈ પરીખના જીવનના કેટલાક યાદગાર પ્રસંગોની દુર્લભ તસવીરોનું પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું. સંસ્થાના ચેરમેનશ્રી દિવેટીઆ સાહેબે પ્રા. રામલાલભાઈને શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું કે રામલાલભાઈનું જીવન અને એમના દ્વારા કરવામાં આવેલ કાર્યો ઘણું બધું શીખવી જાય છે. એમના વિશે કહેવા માટે શબ્દો પણ ઓછા પડે. પ્રા. રામલાલભાઈ એક એવું વિશાળ વ્યક્તિત્વ ધરાવતા હતા કે એમની સાથે ખૂબ ઓછો સમય વિતાવ્યો હોવા છતાં પણ ઘણું બધું જાણવા મળ્યું. સંસ્થાના ટ્રસ્ટી શ્રી મયંકભાઈ ઉપાધ્યાયે પ્રા. રામલાલભાઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં કહ્યું કે, ''તેઓ એમના જીવનમાં જેમને-જેમને મળ્યા તેમની પાસેથી પ્રેરણા મેળવી અને કામ કર્યું. આપણે સૌ આજે ઘણા લોકોને મળીએ છીએ. જો આપણે પણ આવી પ્રેરણા મેળવીને સમાજ વિકાસનાં કાર્યો કરીશું તો મને લાગે છે કે પ્રા. રામલાલભાઈને સાચી શ્રદ્ધાંજલિ આપી કહેવાશે.'' સંસ્થાના ટ્રસ્ટી ડૉ. મંદાબહેન પ્રા. રામલાલભાઈને શ્રદ્ધાંજલિ આપતાં જણાવ્યું કે એમનાં કાર્યો દ્વારા તેઓ સતત આપણી વચ્ચે છે અને સતત આપણને તેમના જીવન અને કાર્યો દ્વારા માર્ગદર્શન આપતા રહ્યાં છે.



## ૫.૫ આદિવાસી યુવાનો અને બેરોજગારી

કોરોના મહામારીમાં થયેલા સરકારના લોકડાઉનના નિર્ણય દ્વારા દક્ષિણ ગુજરાતનાં ગામડાંઓમાં રહેતા આદિવાસી યુવાનોની રોજગારી છિનવાઈ ગઈ છે. આ બેરોજગાર યુવાનો હાલમાં કઈ પરિસ્થિતિમાં છે ? ક્યાં છે ? શું કરી રહ્યા છે ? તેમજ તેમને ફરી રોજગારી મળી છે કે નહિ તેની માહિતી મેળવવા તેમના સંપર્ક નંબર દ્વારા તેમનો વ્યક્તિગત ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યો હતો. આ ઈન્ટરવ્યૂમાં કુલ ૨૦ યુવાનોએ ભાગ લીધો હતો. જેમાં સુરત જિલ્લાના ૭, ડાંગ જિલ્લાના ૭, તાપી જિલ્લાના ૪, ભરૂચ જિલ્લાનો ૧ અને વસલાડ જિલ્લાના ૧ યુવાનનો સમાવેશ થાય છે. આ બધા યુવાનો લોકડાઉન દરમિયાન પોતાની નોકરી છોડીને પોતાના વતન આવ્યા હતા. પણ એમને ફરી રોજગારી મળી નથી. આ ૨૦ યુવાનો પૈકી ૬ પ્રાથમિક શિક્ષણ, ૭ ધોરણ ૧૨ પાસ અને ૫ સ્નાતક તેમજ ૨ યુવાનો અભણ છે. બેરોજગાર થયેલ યુવાનોમાંથી સૌથી વધુ ૮ યુવાનો ખેતીમાં ખાસ કરીને ફળોની વાડીમાં નિરીક્ષક તરીકે કામ કરતા હતા. એમને નિશ્ચિત વેતન મળતું હતું પણ લોકડાઉન ખૂલ્યા પછી આ બગીચાના માલિકોએ મજૂરોને દૈનિક રોજગારી પર રાખવાનું કહ્યું. પગાર પણ ઓછો આપવા માંડ્યો. આથી આ આદિવાસી યુવાનો ફરી નોકરી પર ગયા નથી. ૬ યુવાનો સુગર ફેક્ટરી તેમજ અન્ય મિલોમાં કામ કરતાં હતાં. આ યુવાનો પોતાના શહેરથી દૂરના વિસ્તારમાં કામ કરતા હોવાથી ફરી રહેવા, જમવાના પ્રશ્નો ઊભા થાય એ બીકે ફરી નોકરીમાં જોડાયા નથી. બાકીના અન્ય યુવાનો ઈલેક્ટ્રિક કારખાનામાં, હીરા ઉદ્યોગમાં અને બાંધકામ સાથે જોડાયેલા હતા. આ યુવાનો બેરોજગાર થયા પછી તેમનો મુખ્ય પ્રશ્ન પૈસાનો છે. મોટા ભાગના યુવાનો ઉંમરલાયક હોવાથી કુટુંબ ચલાવવાની સમસ્યા, લગ્ન કરવાની સમસ્યા તેમજ જેમનાં લગ્ન થયેલાં છે અને બાળકો છે તેમને બાળકોના સ્કૂલની ફી ભરવાની તેમજ તેમની જરૂરિયાતો સંતોષવાની સમસ્યા છે. હાલમાં આ બેરોજગાર યુવાનોને પૈસાની જરૂરિયાત હોવાને કારણે ખેતીવાડી, પશુપાલન તેમજ ઘરેથી અન્ય છૂટક કામો કરીને આવક મેળવે છે. જેમની જમીન વધારે છે તેવા યુવાનો ખેતીમાં શાકભાજી વાવી તેનું વેચાણ કરે છે. તેમજ જે યુવાનો પહેલા ખેતરોમાં કામ કરતા હતા તેવા યુવાનોને ખેતીને લગતી દવાઓની જાણકારી હોવાથી ખેતીને લગતી દવાઓ વેચવાનું વિચારે છે. જે યુવાનો ઈલેક્ટ્રિકની મિલમાં કામ કરતા હતા તે લોકો પોતાની નાની

દુકાન ખોલી ઈલેક્ટ્રિક સાધનો રીપેર કરવાનું વિચારે છે. બેરોજગાર યુવાનો પૈકી ૧૧ યુવાનો ૧૨ પાસ છે. આ યુવાનોમાંથી માત્ર ૩ યુવાનો સરકારી નોકરી કે અન્ય જાહેરાતો જોઈ અરજી કરી છે. બાકીના યુવાનોનું માનવું એવું છે કે સરકારી જાહેરાતમાં અરજીના ફોર્મ અને ફી ભરે છતાં પરીક્ષાઓ લેવામાં આવતી નથી તેમજ જ્યારે પરીક્ષા લેવાય છે ત્યારે પરિણામોમાં કૌભાંડ થાય છે. મોટાભાગના યુવાનો હવે પશુપાલન અને ખેતીમાં તેમજ પોતાને આવડત પ્રમાણે અલગ ધંધો કરવાની ઈચ્છા ધરાવે છે.

### ૫.૬ રંગોળી સ્પર્ધા - ૨૦૨૦

ભારતીય સમુદાય શિક્ષણ સંઘ દ્વારા દિવાળી પૂર્વે રંગોળીનું આયોજન કરવામાં આવ્યું હતું. દિવાળીનો તહેવાર એટલે રોશનીથી ઘરને ઝગમગાટ કરીને અંધકારને દૂર કરવાનું પર્વ. તેમાંય વર્ષોથી દિવાળીના તહેવારોમાં ઘરે ઘરે દરેક આંગણામાં સુંદર મજાની રંગોળી દોરવાની પરંપરા છે.

સંસ્થા દ્વારા છેલ્લાં બે વર્ષથી રંગોળી સ્પર્ધા કરવામાં આવે છે. આ વર્ષે કોરોના મહામારીને કારણે ઑનલાઈન સ્પર્ધા રાખવામાં આવી હતી. ઑનલાઈન સ્પર્ધામાં ભાગ લેવા માટે તમામ સ્પર્ધકને સોશિયલ મીડિયા દ્વારા જાણ કરવામાં આવી હતી.

આ સ્પર્ધામાં શહેરી વિસ્તારમાં ૪૬ લોકોએ અને દક્ષિણ ગુજરાતના ૧૬ આદિવાસી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં અમદાવાદ, સુરત, નવસારી, ધોળકા, માણસા, ગાંધીનગર, ડભોઈ, ડેડિયાપાડા, તાપી અને નર્મદા ક્ષેત્રના જુદા જુદા વિસ્તારના સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં ૮૦% વિદ્યાર્થીઓ અને ૨૦% ગૃહિણીઓ હતી, જેમાં ૬૨ પુરુષો અને ૧૫ સ્ત્રીઓ હતાં. તમામ સ્પર્ધકોની રંગોળી સરસ હતી. આથી નંબર આપવા મુશ્કેલ હતા. પણ રંગોળીને એના (૧) પ્રભાવ (૨) વિષય-વસ્તુ (૩) ડિઝાઈન (૪) સ્વચ્છતા (૫) રંગ સંયોજન પ્રમાણે તપાસી ત્રણ શ્રેષ્ઠ રંગોળીને ઈનામ આપવામાં આવ્યા, જેમાં પ્રથમ નંબર સૃષ્ટિ મંદાની, દ્વિતીય નંબરે દીપ્તેશ વસાવા અને તૃતીય નંબર જ્હાન્વી ભાવસારની રંગોળી પસંદગી પામી.

ત્રણેય વિજેતા અને અન્ય તમામ સ્પર્ધકોને ખૂબ ખૂબ અભિનંદન.

નોંધ : જેમને રંગોળી જોવી હોય તે અમારા facebookમાં જોઈ શકશે.



## ૬. પુસ્તક પરિચય

પુસ્તકનું નામ : સદીઓનું શાણપણ
સંપાદક : લિયો ટૉલ્સટૉય
ભાવાનુવાદ : સંજીવ શાહ
પ્રાપ્તિસ્થાન : ઓએસીસ
'મેમીઘર', ૨૦૧, શાલીન ઍપાર્ટમેન્ટ
૫૨, હરિભક્તિ કૉલોની, રેસકોર્સ, વડોદરા-૭
ફોન : ૦૨૬૫-૨૩૨૧૭૨૮
e-mail : publication@oasismovement.in

આ પુસ્તકમાં વિશ્વના સર્વશ્રેષ્ઠ મહામાનવોના શાણપણભર્યા વિચારોનું મહર્ષિ ટૉલ્સટૉયે કરેલું સંકલન છે. ૧૪૧ જેટલા લેખકોનાં ઉત્કૃષ્ટ અવતરણો આ પુસ્તકમાં છે. પુસ્તક કૅલેન્ડરના સ્વરૂપે ગોઠવાયું છે અને દરેક દિવસ માટેનો એક પેજનો સંદેશ એમાં છે. કેટલાંક અવતરણો ખાસ ધ્યાન ખેંચે છે.

- 'આપણે જીવનમાં નાની નાની બાબતોથી સંતુષ્ટ રહેવું જોઈએ. આપણે જેટલું ઓછું જોઈએ તેટલી ઓછી મુશ્કેલીઓ આપણને હોય છે.'
- 'ઘણા લોકો વિચારે છે તેમ ઈચ્છાઓનો વિકાસ થવો તે પરિપૂર્ણતા તરફનો રસ્તો નથી. તેનાથી ઊલટું વ્યક્તિ પોતાને જેટલો નિયંત્રિત ને મર્યાદિત કરી શકે, તેટલો વધુ તે તેની મનુષ્ય તરીકેની ગરિમાને સમજી શકે છે અને તેટલો વધુ મુક્ત, વધુ બહાદુર બને છે અને તેનાથી વધુ મહત્ત્વનું તે ઈશ્વર અને બીજા લોકોની સેવા કરવા માટે વધુ સક્ષમ બને છે.'
- 'જો તમે મુસલમાન હો તો કે તરીકે જીવો અને જો ખ્રિસ્તી હો તો યહૂદી તરીકે જીવો. જો તમે કથલિક હો તો ઓર્થોડોક્સ તરીકે જીવો - તમારો ધર્મ ગમે તે હોય. વિવિધ ધર્મોના અન્ય લોકોને સમાન આદર આપો. તેમની સાથેની વાતચીતથી તમારી અંદર ઉશ્કેરાટ કે રોષ ન રાખો અને તમે તેમની સાથે મુક્તિપૂર્વક સંવાદ કરી શકો તો તમે શાંતિ પ્રાપ્ત કરી છે. તે એમ કહે છે કે દરેક ધર્મનો ઉદ્દેશ્ય એક સમાન જ છે. બધા લોકો પ્રેમને શોધે અને સમગ્ર વિશ્વ પ્રેમનું સ્થાન બને. તો પછી શા માટે આપણે મસ્જિદ અને ચર્ચ વચ્ચેના ભેદની ચર્ચા કરવી જોઈએ ?'
- જીવનનો આ દિવ્ય નિયમ છે; કેવળ સદાચાર જ છેવટે અડીખમ રહે છે. બીજું કશું નહીં.

● ધનસંપત્તિ મને ખેતરમાંના ખાતરની યાદ અપાવે છે. જ્યારે તે મોટા ઢગલાઓમાં હોય છે ત્યારે તે દુર્ગંધ મારે છે. પણ જ્યારે તે ખેતરમાં બધે એકસમાન રીતે ફેલાય છે ત્યારે તે જમીનને ફળદ્રુપ બનાવે છે.

આ અને આવા વિચારોથી ભરેલ આ પુસ્તકમાં ખૂબ જ વ્યવસ્થિત રીતે દરેક સદી દરમિયાન થઈ ગયેલ વિચારકોના વિચારો રજૂ કરવામાં આવ્યા છે. ધર્મ અને શ્રદ્ધાનું મહત્ત્વ, સત્યની શોધ અને સ્વીકાર, વિશ્વનું સૌથી મહત્ત્વનું કાર્ય સ્વવિકાસ, કેળવણીના મૂળભૂત સિદ્ધાંતો, પ્રેમ જ ઈશ્વર છે, વિચારો જ ઘટનાઓનું ઉદ્ભવ સ્થાન, નમ્રતા અને શાણપણ તથા તેની શક્તિ, મૃત્યુને નજર સમક્ષ રાખીને જીવો, વાતચીત કરવાની કળા, સત્કર્મ અને તેનું વળતર, ખુદની પ્રશંસાનું પરિણામ, પ્રાર્થના શું છે તેનાં પરિણામો, મનુષ્યનાં કર્મો જ તેનું જીવન, જીવન બદલી શકાય છે, સત્ય નહિ, ખુદની ભૂલોનો સ્વીકાર અને પસ્તાવો, જીવનમાં ખુશી અને આનંદનું રહસ્ય, સત્ય, સત્યનિષ્ઠા અને તેનાં પરિણામો. આ અને આવા અનેક મુદ્દાઓ ઉપર દુનિયાના વિચારકોના વિચાર લિયો ટૉલ્સટૉયે ૧૫ વર્ષની મહેનત કરી એકત્રિત કર્યા છે. આ પુસ્તક ખૂબ જ સુંદર અને વાંચનારના આત્મા, મનને ઝંઝોળી દે તેવું અલભ્ય સંપાદન છે.

સત્યના પ્રખર સાધકના આ પુસ્તકમાં વિશ્વના સઘળા ધર્મોનો સાર છે. તેમાં સર્વોત્તમ વિચારકોના ઉચ્ચતમ વિચારો અને અનેક મહાન કૃતિઓનો મહામૂલો અર્ક છે. દરેક નાની-મોટી વ્યક્તિ માટે જીવન જીવવાની જડીબુટ્ટી સમાન આ ૪૦૦ પાનાનું પુસ્તક ખૂબ જ ઉપયોગી થઈ પડશે.

> "But when democracy can be periodically delayed
> It can never be permanently defeated.
> in this truth, in this faith we trust."
>
> "If we were to live up to our own time, then victory won't
> lie in the blade, but in all the bridges we have made."
>
> – અમેરિકાના પ્રમુખ Joe Bidenના શપથવિધિ સમારંભમાં ગવાયેલ કવિતા The Hill We Climb માંથી



## ૭. સમુદાય શિક્ષણમાં અવનવું

### ૭.૧ આપણા સૌથી નાની વયની લેખિકા : અભિજીતા ગુપ્તા

સાત વર્ષની ઉંમરે પુસ્તક લખનાર સૌથી નાની લેખિકા તરીકે હાલમાં જ ઘોષિત થયા છે. એમનું પુસ્તક 'Happiness all Around' ખૂબ જ પ્રખ્યાતિ પામ્યું છે. આ પુસ્તકમાં ચાર વાર્તા, દસ કવિતા અને સુંદર ચિત્રો છે. સાહિત્ય પ્રત્યેની રુચિ અને કૌશલ્ય બંને એમને એમના દાદા, પ્રસિદ્ધ સાહિત્યકાર સ્વ. મૈથિલીશરણ ગુપ્તામાંથી મળ્યા છે. સાત વર્ષની ઉંમરે એમણે લખેલા આ પુસ્તકમાં ભાગ્યે જ જોડણીની કોઈ ભૂલ જોવા મળી છે. અભિજીતાએ એની પહેલી વાર્તા 'The Elephant's advice'ના નામે લખી અને પહેલી કવિતા 'A Sunny Day'ના શીર્ષકથી લખી. એમનાં લખાણોમાં વિધેયાત્મકતા છે. આટલી નાની ઉંમરે પણ જીવનમાં વિધેયાત્મક દૃષ્ટિકોણનું મહત્ત્વ એ સમજ્યા છે. વાંચવાનો પણ એમને ભારે શોખ છે. આ મહામારીના કપરા સમયમાં પુસ્તકો એમના મિત્ર બની રહ્યાં. તેમને રસ્કિન બૉન્ડ અને સુધા મૂર્તિનાં લખાણો ખૂબ પ્રિય છે. બાળકોની સર્જનશક્તિ અમાપ છે એનું ઉત્તમ ઉદાહરણ અભિજીતા છે.

### ૭.૨ શિક્ષણ ક્ષેત્રે ટૅક્નૉલૉજીનો ઉપયોગ

રણજીતસિંહને આમ તો આઈ.ટી. એન્જિનયર બનવાની ઇચ્છા હતી, પરંતુ તેઓ બની શક્યા નહિ. તેમના પિતાશ્રીએ તેમને શિક્ષક બનવાનું સૂચન કર્યું. શરૂઆતમાં ખચકાટ અનુભવ્યો. પછી તેમણે શિક્ષક તરીકે કામ શરૂ કર્યું. મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લાની પેરીટેવાડી ટી.કે. શાળામાં હાલ પ્રાથમિક શિક્ષક તરીકે કામ કરે છે. આ ગામમાં મોટાભાગની વસતિ આદિવાસી છે. અહીંની ભાષા કન્નડ છે. પણ સરકારી રાહે અભ્યાસની ભાષા મરાઠી છે. પરિણામે મોટાભાગના વિદ્યાર્થીઓને જે ભણાવાય તે સમજી શકતા ન હતા. રણજિતસિંહે આ પરિસ્થિતિ બદલવાનું નક્કી કર્યું. તે કન્નડ ભાષા શીખ્યા. તેમણે કન્નડમાં કવિતાઓ, વીડિયો, પ્રવચનો, વાર્તાઓ એમના વિદ્યાર્થીઓ સુધી પહોંચે એટલે ૧ થી ૪ ધોરણનાં તમામ પાઠ્યપુસ્તકો QR Code સાથે તૈયાર કર્યાં છે.

જ્યારે આતંકવાદી હુમલાને કારણે શાળાઓ બે મહિના બંધ રહી હતી ત્યારે પણ આ નાનકડા ગામમાં આદિવાસી છોકરાઓ QR Code પુસ્તકના ઉપયોગથી ભણવાનું ચાલુ રાખી શક્યા. એમને લાગે છે કે આજે પરિસ્થિતિ

એવી સર્જાઈ છે કે શિક્ષકો ૨૦મી સદીમાં છે અને વિદ્યાર્થીઓ ૨૧મી સદીમાં. વર્ગખંડમાં આ નવી ટૅક્નૉલૉજીના ઉપયોગ સંદર્ભે એમણે ૧૨,૦૦૦થી વધુ શિક્ષકોને તાલીમ આપી છે. એમના પ્રયાસોની નોંધ Microsoftએ પણ લીધી છે. ભારત સરકારે પણ એને "Innovation of the year" તરીકે જાહેર કર્યું છે. એમના પ્રયાસોથી ગામમાં બાળલગ્ન થતાં અટક્યાં છે અને બધી જ છોકરીઓ શાળામાં હાજર રહેવા લાગી છે.

એમને હાલમાં જ વૈશ્વિક શિક્ષકનો પુરસ્કાર પણ મળ્યો છે. એમણે આ પુરસ્કાર ફાઈનલિસ્ટના બાકીના નવ શિક્ષકો સાથે ઈનામની રકમનો ૫૦ ટકા હિસ્સો વહેંચવાનું નક્કી કર્યું છે, જેથી ઈનામની રકમ વધુમાં વધુ શાળાઓ અને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં મદદ થાય. એમણે દર વર્ષે યુદ્ધગ્રસ્ત દેશોના ઓછામાં ઓછા ૫૦૦૦ વિદ્યાર્થીઓને પીસ આર્મીમાં ભરતી કરવાનું નક્કી કર્યું છે.

મહારાષ્ટ્ર સરકારે ધોરણ ૧થી ૪માં અભ્યાસક્રમનાં પુસ્તકો માટે આ ટૅક્નૉલૉજી અપનાવી છે. વર્ષ ૨૦૧૭માં ૬ થી ૭ અને ૯ સુધીનાં તમામ ધોરણો માટે QR Code લાગુ કરવામાં આવશે. ૬ મિલિયનથી વધુ વિદ્યાર્થીઓ હવે આ ક્યૂઆર કોડેડ પુસ્તકોનો ઉપયોગ કરી રહ્યાં છે. માઈક્રોસૉફ્ટના CEO શ્રી સત્ય નાડેલાએ તેમની આ સફળતાની વાર્તા એક હીટ રિફ્રેશિંગ સ્ટોરી તરીકે પ્રકાશિત કરી છે. માઈક્રોસૉફ્ટ કોર્પોરેશન દ્વારા સર્જનાત્મક કાર્ય માટે રણજીતસિંહને 'એમઆઈઈ એક્સપર્ટ', 'એમઆઈઈ ફેલો' અને 'સ્કાયપે માસ્ટર ટીચર'ના એવોર્ડ આપવામાં આવ્યા છે. એમણે કેનેડાના ટોરેન્ટોના માઈક્રોસૉફ્ટ ઍજ્યુકેશન એક્સચેન્જ (ઈ ૨)માં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

આ કાર્યની સરાહના કરતાં KBCમાં 'કર્મવીર'ના ખાસ ઍપિસોડમાં હોટસીટ પર રણજીતસિંહને બોલાવ્યા હતા, જેથી તેમના આ કાર્યને વધુ લોકો જાણે અને શિક્ષણમાં બદલાવ લાવે.

> વાટ, તેલ કે કોડિયું, એ કાંઈ મહત્ત્વનાં નથી; મહત્ત્વનાં છે જ્યોતિ, પ્રકાશ. એ જ આપણું લક્ષ્ય. કોઈ આમ કહે છે તે જ સાચા લોકશાસનમાં માનનારો છે, કેમ કે દરેક વ્યક્તિ એની અનુભૂતિ પ્રાપ્ત કરી શકે છે. એમાં જાતિ-ધર્મના ભેદ નથી. જો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરે તો દરેક જણ સત્યને પામી શકે છે.
>
> — ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને ગૂજરાત વિદ્યાપીઠ, ઓગણીસમા પદવીદાન સમારંભમાં આપેલા પ્રવચનોને અધારે.



## ૮. આગામી કાર્યક્રમો

### ૮.૧ ધ્વજવંદન

સંસ્થાના પ્રાંગણમાં દર વર્ષની જેમ ૨૬મી જાન્યુઆરી નિમિત્તે જાહેર ધ્વજવંદન કાર્યક્રમ સવારે ૮.૪૫ કલાકે રાખવામાં આવ્યો છે. આ ધ્વજવંદનનો હેતુ આજુબાજુના સામાન્ય નાગરિકોને ધ્વજવંદનની તક આપવાનો છે અને સંસ્થાની નાગરિકનિષ્ઠાને અભિવ્યક્ત કરવાનો છે, જેમાં આજુબાજુના વિસ્તારના લોકો અને શાળા કૉલેજના વિદ્યાર્થીઓ દર વર્ષે જોડાય છે. પરંતુ આ વર્ષે કોરોના મહામારીને લીધે આ કાર્યક્રમ માત્ર સંસ્થાના કાર્યકરો પૂરતો મર્યાદિત રહેશે.

### ૮.૨ માતૃભાષા દિનની ઉજવણી

છેલ્લાં ૩ વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૧ ફેબ્રુઆરી માતૃભાષા દિન તરીકે ઊજવવાનું આયોજન કર્યું છે. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓને માતૃભાષાનું મહત્ત્વ સમજાવવાનો અને માતૃભાષા વિશે વધારે જાણકારી આપવાનો છે, જેથી એનો ઉપયોગ વધે અને વિદ્યાર્થી એનું ગૌરવ કરી શકે. આ વર્ષે આ કાર્યક્રમ કોરોના મહામારીના કારણે ઑનલાઈન કરવાની વિચારણા છે, જેમાં વિદ્યાર્થીઓ માટે શ્રેષ્ઠ વાચન, પુસ્તક પરિચય અને કાવ્ય એમ ત્રણ સ્પર્ધાઓ કરવામાં આવશે. ધોરણ ૯ થી ૧૨ના રસ ધરાવતા કોઈ પણ વિદ્યાર્થી આમાં ભાગ લઈ શકશે. આ કાર્યક્રમની સંભવિત તારીખ ૨૧, ૨૨, ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૧ રહેશે. તો આપનું નામ સત્વર નીચેના વોટ્સએપ પર નોંધાવો.

વિમળાબહેન : ૯૪૨૯૯૩૫૮૩૦

### ૮.૩ વક્તૃત્વ સ્પર્ધા

ભારતીય સમુદાય શિક્ષણ સંઘની ભગિની સંસ્થા યુવક વિકાસ ટ્રસ્ટ અને મહાદેવભાઈ દેસાઈ સમાજસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠના સંયોજનથી ગાંધી નિર્વાણદિને છેલ્લાં છ વર્ષથી આ કાર્ય કરે છે, જેમાં અમદાવાદની ભિન્ન ભિન્ન કૉલેજના વિદ્યાર્થીઓ ભાગ લે છે. આ વર્ષે પણ વિષય 'ગ્રામ સ્વરાજ એ જ સાચું સ્વરાજ' રાખેલ છે. આ સ્પર્ધા તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૧ના

રોજ યોજવાનું નક્કી કર્યું છે. સ્પર્ધા ઑનલાઇન થશે. એની વધારે વિગત જે-તે સમયે આપને મોકલવામાં આવશે. જો આપને ભાગ લેવામાં રસ હોય તો તમારા નામ અને સંપર્કની વિગતો અમારા વોટ્સએપ નંબર ૯૪૨૯૯૩૫૩૮૦ પર મોકલી આપશો. આ સ્પર્ધાના નીતિનિયમો અને અન્ય વિગતો આપને વોટ્સએપ કે ઇ-મેઇલ મારફતે મોકલી આપીશું.

## ૮.૪ આદિવાસી વિસ્તારોનો સાંસ્કૃતિક વારસો

આદિવાસી વિદ્યાર્થીઓ સાથે આદિવાસી વિસ્તારોમાં આવેલા આદિવાસી સંસ્કૃતિને જાળવી રાખતાં પ્રાચીન સ્થળો, નદીઓ, આદિવાસી સંસ્કૃતિની લોક માન્યતાઓ વિશે બૃહદ સમાજ તો ઓછો જાણે છે પણ આદિવાસી છોકરાઓ પણ આનાથી વિમુખ થતા જાય છે. આદિવાસી વિસ્તારમાં એવાં ઘણાં સ્થળો, નદીઓ કે આદિવાસીઓની કુળદેવી છે, જેનો આદિવાસી લોકો પર વિશેષ પ્રભાવ જોવા મળે છે. એવાં સ્થળો પણ છે, જે આદિવાસી સંસ્કૃતિ અને લોકો સાથે સંકળાયેલાં છે. તેનો કોઈ જગ્યાએ ન્યૂઝપેપર, સમાચાર કે અન્ય લેખોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. એવા સ્થળોની ઉંડાણપૂર્વક માહિતી જાણવા મળે અને યુવાનો એના વિશે સમજે, વિચારે એ દૃષ્ટિએ એક વિશિષ્ટ સ્પર્ધા રાખી છે. આ સ્પર્ધામાં દક્ષિણ ગુજરાતના આદિવાસી વિદ્યાર્થીઓ ભાગ લેશે. તેઓ આવા સ્થળની મુલાકાત લઈ તેનો ઇતિહાસ લખશે. આ નિબંધ કે કવિતા કોઈ પણ સ્વરૂપમાં લખી શકાશે. આ સ્પર્ધાની વધુ વિગત જાણવા માટે આપનું નામ વોટ્સએપ પર નોંધાવો. મો. ૯૪૨૯૯૩૫૮૩૦

## ૮.૫ નવા કાયદાઓ વિશે ખેડૂતોનાં મંતવ્યો - સર્વે

ભારત સરકારે બહાર પાડેલા નવા કાયદાઓ વિશે આદિવાસી ખેડૂતોનાં શાં મંતવ્યો છે તે જાણવા માટે એક સર્વે કરવાનો કાર્યક્રમ ઘડવામાં આવ્યો છે. આને માટે પ્રશ્નાવલિ બનાવવામાં આવી છે. આ સર્વેનો મુખ્ય હેતુ સરકારે જે ત્રણ નવા કાયદા બનાવ્યા છે તે આદિવાસી ખેડૂતો માટે યોગ્ય છે કે અયોગ્ય એ વિશે એમના દૃષ્ટિબિંદુને સમજવાનો છે, જેમાં સુરત, ડાંગ, તાપી, નર્મદા, પંચમહાલ વગેરે જિલ્લાના ખેડૂતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.



## ૮.૬ કવિ સંમેલન

ભારતીય સમુદાય શિક્ષણ સંઘ, અમદાવાદ દ્વારા 'ગાંધી અને ગાંધી વિચારને લગતાં કાવ્યો'ને લઈને એક ઑનલાઈન 'કવિ સંમેલન ૨૦૨૦'નું આયોજન કરવામાં આવ્યું છે. નવોદિત કવિઓ ગાંધી વિચારને લગતા સ્વરચિત કાવ્યોની રજૂઆત કરશે. કાવ્યો ગુજરાતી અને હિન્દી ભાષામાં લખી શકાશે. કવિ સંમેલનમાં આપના દ્વારા રજૂ કરવામાં આવેલ કાવ્ય પર જાણીતા કવિઓ દ્વારા ટિપ્પણી કરવામાં આવશે અને તેઓ આ બાબતે જરૂરી માર્ગદર્શન પણ આપશે. પસંદગી પામેલ કાવ્યોને સંસ્થાના મુખપત્રક યાત્રાપથમાં છાપવામાં આવશે. આ કવિ સંમેલનમાં ભાગ લેવા માટે અમારા ફેસબુક પેજ Indian Society for Community Education પર જરૂરી વિગતો મૂકવામાં આવી છે. રસ ધરાવતી વ્યક્તિઓ સ્વ રચિત કવિતા આપના સરનામાં અને સંપર્ક નંબર સાથે તા. ૨૭ જાન્યુઆરી, ૨૦૨૧ સુધીમાં અમારા વોટ્સએપ નંબર ૯૪૨૯૯૩૫૮૩૦ પર તથા iscehouse@gmail.com પર મોકલી શકાશે.

---

(...અનુસંધાન પૃ.૨નું ચાલુ)

વિશ્વનો ઇતિહાસ આલેખી શકે. લોકો પાસે અમર્યાદિત સર્જનશક્તિ છે. એનો ઉપયોગ સહજ રીતે જ દેશને આત્મનિર્ભરતા તરફ લઈ જશે. પ્રો. ગાલ્ટુન્ગ, શાંતિના વિશ્વ વિખ્યાત કર્મશીલ કહે છે કે, 'Self Reliance is a way of organizing the economy with heavy emphasis on local resources and local demand consumption. It is a dynamic movement from the periphery to the centre at all levels individual, local national, regional. As a strategy. It is based on the principle of solidarity and participation (not on competition)

સ્વનિર્ભરતાનો પાયો નૈતિકતામાં છે. એક બીજા સાથેના સહકારમાં છે, હરીફાઈમાં નહીં. ગાંધીજી માનતા હતા કે સ્વનિર્ભરતા એટલે પોતાની આજુબાજુ દીવાલોનું ચણતર નહીં, પણ એક ખુલ્લાપણું, જેમાં બધાને માટે તક હોય, બધાને આવકાર હોય, માનવ સમાજને જાતજાતના બંધનોમાંથી મુક્ત કરવા માટે સ્વનિર્ભર વિકાસ અત્યંત આવશ્યક છે. સ્વનિર્ભરતાનો સીધો અર્થ છે, પોતાના સાધનોથી, પોતાની શક્તિ, પોતાની મૂળભૂત જરૂરિયાતો માટે જરૂરી ઉત્પાદન કરવું. કુદરતે દરેક વિસ્તારને એક યા બીજા સ્વરૂપનાં કુદરતી સંસાધનો

આપ્યા છે. એનો ઉપયોગ કરીને પોતાની જરૂરિયાતો દરેક પ્રદેશ-વ્યક્તિ પેદા કરી શકે છે અને બધા જ ઉત્પાદનની પ્રક્રિયામાં એક-બીજા સાથે જોડાયા હોય ત્યાં સ્વનિર્ભર અર્થતંત્ર ઊભું થાય છે. ગાંધીજી કહે છે કે, “A true votary of swadeshi will not harbour ill will towards a foreigner. Swadeshi is doctrine of selfless service which has its root in Ahimsa” એટલે એમના આત્મનિર્ભરતાના ખ્યાલમાં લોકોમાં વિશ્વાસ મૂકવાની વાત છે, એમની સેવા કરવાની નહીં. કોઈ એક મોટું કારખાનું ચાહે ખાનગી માલિકીનું કે સરકારી, બધાની જીવન જરૂરિયાતોનું ઉત્પાદન કરે એ ગાંધીજીને મંજૂર ન હતું. એ વ્યાપાર દ્વારા વિકાસની વાતમાં પણ માનતા નથી. જો વ્યાપારથી જ વિકાસ થતો હોત તો છેલ્લા બે દાયકામાં વેપાર તો ખૂબ વધ્યો છે ! આત્મનિર્ભર ભારત બનાવવા માટે તો સ્વદેશી, સમાનતા, સ્વાશ્રય, સ્વાવલંબન, સહકાર, વિકેન્દ્રીકરણ અને ટ્રસ્ટીશિપનાં મૂલ્યો પર અર્થતંત્રને ઊભું કરવું જોઈએ. આ મૂલ્યોને આપણી આર્થિક નીતિઓમાં વણી લેવા પડે. સાધનોની ગતિશીલતાના આધારે નહિ, પણ સ્થાનિક વપરાશના આધારે ઉત્પાદન કરો અને જરૂર જેટલું જ ઉત્પાદન કરો તો સ્વનિર્ભરતા હાંસલ કરવી સહજ છે. જો આમ કરતાં સંસાધનો ખૂટી પડે તો તમારા નજીકના પાડોશી પાસે જ જાઓ. આજે તો વિજ્ઞાન પણ એ વિચારની પૂર્તિ કરે છે કે સ્થાનિક ખોરાક, સ્થાનિક પર્યાવરણ એ માણસને વધુ નીરોગી અને કાર્યક્ષમ બનાવે છે. એટલે જ સ્વનિર્ભરતા એ ઈતિહાસમાં પાછા પગલે જવાની વાત નથી, આ ભાવિની વાત છે, વિશ્વને એક કરનારી વાત છે. આમાં ટૅક્નૉલૉજી કે વિજ્ઞાનનો નકાર નથી પણ કેન્દ્રમાં માણસને, માનવસહજ સામાજિક મૂલ્યોને પ્રસ્થાપિત કરવાની વાત છે.

જો આ બાબતોને બાજુએ રાખી હરીફાઈમાં પહેલો નંબર લાવવાના ખ્યાલથી આત્મનિર્ભરતાની વાત કરીશું તો પાછા પડીશું. છેલ્લાં ૫૦ વર્ષની તમામ સમસ્યાઓ આ વાતની પૂર્તિ કરે છે. જો સમગ્ર માનવજાતની પ્રાથમિક જરૂરિયાતો સંતોષાય અને દરેકને પોતાના પગ પર ઊભા રહેવાની જગ્યા મળે તો મને લાગે છે કે એક નવો માનવસમાજ રચાશે. જરૂર છે આ વાતને સમજવાની અને અમલમાં મૂકવાની. પરિઘમાંથી કેન્દ્રમાં આવવા માટે ભારત મથી રહ્યું છે અને વિશ્વ સાંકડા રાષ્ટ્રવાદમાં જકડાઈ રહ્યું છે. માનવમૂલ્યોથી તટસ્થ એવી ટૅક્નૉલૉજીને માનવજાત ભગવાન માની બેઠી છે ત્યારે ભારત વિશ્વને સ્વનિર્ભરતા તરફ લઈ જવામાં નેતૃત્વ લે તો એક નવું વિશ્વ બને. પણ ભારત સરકાર જે રીતે આત્મનિર્ભરતાને સમજી છે, એવી આત્મનિર્ભરતા કોઈ પરિવર્તન કરી શકશે નહીં.



## વાચકોને વિનંતી

૧. સમુદાય શિક્ષણના ક્ષેત્રે આવી રહેલ જ્ઞાનયુગને ધ્યાનમાં રાખી અનેકવિધ નવતર પ્રયોગો અને કાર્યક્રમો કરતી આ સંસ્થાને વધુ મજબૂત બનાવવા માટે આપનો સહકાર અમૂલ્ય છે. જો આપ આ સંસ્થાના સભ્ય ન હો તો **વ્યક્તિગત આજીવન** સભ્ય ફી રૂ. ૧,૦૦૦/-, **સંસ્થા** અથવા **યુનિવર્સિટી** માટેની સભ્ય ફી રૂ.૨,૫૦૦/- સંસ્થાના સરનામે તાત્કાલિક મોકલી આપવા વિનંતી. આ ઉપરાંત સંસ્થા વિશેની કોઈ પણ માહિતીની જો આવશ્યકતા હોય તો અમારો સંપર્ક કરશો.

૨. જો આપ આ સંસ્થાના આજીવન સભ્ય હો તો આપના વિશેની સંપૂર્ણ માહિતી (BIO-DATA) અમને મોકલી આપવા વિનંતી. એટલે અનુકૂળતાએ સંસ્થાના મુખપત્ર **‘યાત્રાપથ’**માં આપનો પરિચય સમાવી શકાય.

૩. દર ત્રણ મહિને પ્રકાશિત થતા ‘યાત્રાપથ’ના માધ્યમ દ્વારા સમુદાય શિક્ષણ સાથે આપને જોડવાનો અમારો નાનકડો પ્રયાસ છે. **‘યાત્રાપથ’નું વાર્ષિક લવાજમ** માત્ર રૂ. ૫૦/- છે. જો આપ આ મોકલી આપશો તો આપના આભારી થઈશું.

૪. **‘યાત્રાપથ’** વિશે આપના **પ્રતિભાવો** પણ અમને જરૂરથી લખી મોકલશો. -તંત્રી

યાત્રાપથ-ગુજરાતી (ત્રિમાસિક) Registered under RNI No. GUJGUJ/2007/23007
Published on 15th of January, April, July and October, Posted at Ah'd P.S.O. Office

Printed and Published by : Mayank Chandrakantbhai Upadhyay on behalf of 'Indian Society For Community Education. Printed at : Arth Computer, 203, Maurya Complex, Opp. C.U.Shah College, Income Tax, Ashram Road, Ahmedabad-380014 Published at Ahmedabad.

Editor : Manda Parikh

વાર્ષિક લવાજમ રૂ. ૫૦/-
પ્રતિ નકલ : રૂ. ૧૫/-

Year : 14 Issue No. 1
October - December - 2020

YATRAPATH
INDIAN SOCIETY FOR COMMUNITY EDUCATION
OFF ASHRAM ROAD, NAVJIVAN PRESS ROAD, AHMEDABAD-380014